
વર્ષ: 02, અંક: 09

1-15 નવેમ્બર, 2021

નિઃશુલ્ક વિતરણ

# ન્યૂ ઈન્ડિયા સમાચાર




## ઉત્સવનો ઉત્સાહ

# વોકલ ફોર લોકલ

**આત્મનિર્ભર ભારતની ઝૂંબેશથી સ્થાનિક ચીજવસ્તુઓને વૈશ્વિક ઓળખ મળી છે, ત્યારે આ દિવાળીએ 'સ્વદેશી સાથે ઉત્સવ' નો મંત્ર અપનાવીને રાષ્ટ્રનું ગૌરવ વધારીએ**

## ગયા વર્ષે દીપોત્સવ દરમિયાન સ્વર્ગ સમાન

# અવધપુરી



> દિવાળીનાં દિવસે બારણા કે દરવાજા સામે શુભ-લાભ અથવા તો રિધ્ધિ-સિધ્ધિ જેવી રંગોળી બનાવવાની પરંપરા રહી છે. તેની પાછળની ભાવના એ છે કે દિવાળીના તહેવારોમાં આપણે ત્યાં સમૃદ્ધિ આવે. જેવી રીતે ઘરોમાં દરવાજા હોય છે એ જ રીતે જોઇએ તો આપણી સરહદો રાષ્ટ્રનાં દ્વાર હોય છે. તેથી જ, રાષ્ટ્રની સમૃધ્ધિ તમારા થકી છે, રાષ્ટ્રનું શુભ-લાભ તમારા થકી છે, રાષ્ટ્રની રિધ્ધિ-સિધ્ધિ તમારાથી છે અને તમારા પરાક્રમથી છે.
>
> નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

આ તસવીરની જેમ આપના જીવનમાં

પણ

## ખુશીઓ ફેલાય....

દર વર્ષે આવતી દિવાળી માત્ર હર્ષોલ્લાસ જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં ભારતની સંસ્કૃતિનું પ્રતીક પણ છે. તેથી, આવો, આ દીપોત્સવી પર્વને સ્વદેશી સાથે મનાવીએ, સ્થાનિક ચીજવસ્તુઓ  ખરીદીએ. તેનાથી દેશ મજૂબત થશે તો ગરીબના ઘરે દિવાળીના દીવાં પણ પ્રજ્વલિત થશે.

અંદરના
પાને....


ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ: 02 ,અંક: 09 | 1-15 નવેમ્બર, 2021

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

ઈમેલઃ response-nis@pib.gov.in



RNI No. :
DELGUJ/2020/78810


## ‘સ્વદેશી સાથે ઉત્સવ’ મનાવો




કવર સ્ટોરી | વોકલ ફોર લોકલ અભિયાનમાં જોડાઈને દેશ આત્મનિર્ભર બની રહ્યો છે, ત્યારે દિવાળીના તહેવારો પણ સ્વદેશી ચીજો સાથે મનાવવામાં આવશે. | પેજ 14-25



**લક્ષ્ય વિશાળ, સિદ્ધિ અસાધારણ**
માત્ર નવ મહિનાની અંદર જ 100 કરોડ રસીના ડોઝ લગાવીને ભારતે નવો વિક્રમ સર્જ્યો | પેજ 10-13

**પીએમ ગતિશક્તિઃ રાષ્ટ્રની પ્રગતિને હજુ ગતિ મળશે**



રૂ. 107 લાખ કરોડનાં પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન દ્વારા દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ મળશે | પેજ 6-9

**સમાચાર સાર**
પેજ 4-5

**20 વર્ષથી દર દિવાળી દેશના જવાનો સાથે**
દર વર્ષે સરહદ પર દિવાળી ઉજવનાર વડાપ્રધાન દેશના એકલા લોકપ્રતિનિધિ | પેજ 26-28

**અવકાશ ક્ષેત્રમાં ભારતની ઝડપી ઉડાન**
સ્પેસ સેક્ટરમાં પ્રગતિના નવા માપદંડો સ્થાપતું ભારત | પેજ 29

**સ્વદેશીથી સશક્તિકરણ**
કેબિનેટના મહત્વના નિર્ણયો | પેજ 30-31

**સ્વચ્છતા અભિયાન હવે શહેરોની કાયાપલટ કરશે**
મિશન અમૃત 2.0 અને સ્વચ્છ ભારત મિશન 2.0નો પ્રારંભ | પેજ 32-35

**દેશમાં જળ સલામતી હશે તો ભવિષ્ય સુરક્ષિત રહેશે**
જલ જીવન મિશન એપ અને રાષ્ટ્રીય જલ જીવન કોષની શરૂઆત | પેજ 36-37

**દરેક કામ દેશને નામ**
મળેલી ભેટોની નિલામીથી દેશસેવા | પેજ 38-39

**લોકશાહીના આચાર્ય**
સત્તાથી દૂર રહેનારા આચાર્ય જેબી કૃપલાણી | પેજ 44



**વતન માટે જીવનું બલિદાન આપનારા સ્વતંત્રતા સંગ્રામના સિપાહી**
આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમા વાંચો બિપીનચંદ્ર પાલ, વાસુદેવ બલવંત ફડકે, મહારાજા રણજીતસિંહ, કુંવરસિંહ, કાલોજી નારાયણ રાવના સંઘર્ષની કહાની
પેજ 40-43

# સંપાદકની કલમે....

સાદર નમસ્કાર

ભારત વિવિધતાઓ ધરાવતો દેશ છે અને આ વિવિધતાને કારણે દેશ મજબૂત બની રહ્યો છે. દેશમાં અનેક ભાષાઓ, અનેક બોલી, અલગ ખાણી-પીણી, રહેણીકરણી છે, પણ ભારત એક છે. આપણી આ વિવિધતાસભર સંસ્કૃતિમાં તહેવારોનું ઘણું મહત્વ છે અને આગામી દિવસોમાં દેશ આ રંગમાં રંગાઈ જવાનો છે. પણ જો આ રંગ સ્વદેશી હોય તો આપણે પોતાના પર અને રાષ્ટ્ર પર ગર્વની લાગણી અનુભવીએ છીએ. આ જ દ્રષ્ટિ 'વોકલ ફોર લોકલ'નો આધાર છે.

કોવિડની મહામારીએ પડકારો ઊભા કર્યા તો દેશની જનતાએ આત્મનિર્ભરતા અને સ્થાનિક ચીજવસ્તુઓમાં પોતાનો વિશ્વાસ દર્શાવ્યો. આજે લોકો 'મેડ ઇન ઇન્ડિયા' ચીજો અપનાવીને ગૌરવની લાગણી અનુભવે છે. સ્થાનિક વેપારીઓ, કલાકાર, શિલ્પકારો, વણકરો માટે આ સકારાત્મક પાસું છે. લોકલથી ગ્લોબલ થઈ રહેલી ભારતીય કંપનીઓની ઝૂંબેશને કારણે લોકો સ્થાનિક ચીજો ખરીદવા પ્રેરાયા છે અને રોજગારીની નવી તકોનું સર્જન પણ થયું છે. 'વોકલ ફોર લોકલ' આજે લોક આંદોલન બની ગયું છે. સ્થાનિક ચીજો પ્રત્યે વધી રહેલો ઉત્સાહ, ઉત્સવના રંગોની સાથે સાથે દેશને મજબૂત કરી રહ્યો છે. આ વખતની કવર સ્ટોરીમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ માન્યતા કઈ રીતે બદલાઈ છે.

કોવિડ સામેની લડાઈમાં ભારતે નિર્ણાયક પગલાં લીધાં અને રસીકરણમાં એટલી ઝડપ કરી કે આપણે 100 કરોડ ડોઝ લગાવીને નવો વિક્રમ સર્જ્યો છે. આ અંકમાં આરોગ્ય માળખામાં સુધારો, ગામડાંથી માંડીને શહેરોનો વિકાસ, પીવાના પાણીની સુવિધાથી માંડીને અમૃત મહોત્સવ વર્ષમાં નવી-નવી શરૂઆત અંગેના લેખ સામેલ કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારની પહેલનો આધાર છે- આત્મવિશ્વાસ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીથી માંડીને અત્યાર સુધી કરેલા સેવા અને સમર્પણના કાર્યોમાંથી આ આત્મવિશ્વાસ આવ્યો છે. દર વર્ષે દેશના જવાનો સાથે દિવાળી મનાવનાર વડાપ્રધાન મોદી અને તેમને મળેલી ભેટોની નિલામીમાંથી મળનારા નાણાંને નમામિ ગંગે અભિયાનમાં જમા કરવાથી થનારી અભિયાનને મળનારી ગતિ અંગે આ અંકમાં વિશેષ લેખ છે વ્યક્તિત્વની શ્રૃંખલામાં આચાર્ય જેબી કૃપલાણી અને અમૃત મહોત્સવની શ્રૃંખલામાં મહાનાયકોની પ્રેરણાદાયી કહાનીઓ પણ સામેલ છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને તહેવારોની આ મોસમમાં ખુશીઓ વહેંચો. આપ સૌને તહેવારોની ખૂબ ખૂભ શુભેચ્છાઓ.

**સરનામું: રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન મને ઇ-મેલ પર મળે છે. પહેલાં મને આ મેગેઝીનની ખબર નહોતી, પણ હવે નિયમિત ઇ-મેલ આવતો હોવાથી તમામ અંકો ધ્યાનથી વાંચું છું. મેગેઝીનમાં મને સામાજિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને રમતગમત અંગેના સમાચાર સારાં લાગે છે. મેગેઝીનમાં ખૂબ સારી તસવીરો હોય છે.

**ઓરિત સ્ટીફન એક્કા**
**edcap@AAI.AERO**

હું ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન નિયમિત વાંચું છું. મને આ મેગેઝીન અત્યંત માહિતીસભર લાગે છે. સરકારની તમામ વિકાસલક્ષી પ્રવૃત્તિઓને આવરી લેવા કરવામાં આવેલા પ્રયાસોની હૃદયથી પ્રશંસા કરું છું. તાજેતરની આવૃત્તિમાં રામ મનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણ પરનાં લેખ અત્યંત પ્રેરક હતા.

**ભાવના એન મેઢ**
**bhavna.merh@gmail.com**

ન્યૂ ઇન્ડિયા સમાચારનો 16-30 સપ્ટેમ્બરનો અંક વાંચવાની તક મળી. અમારા જેવા અનેક વાચકો તમારા મેગેઝીનની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. સુંદર મુખપૃષ્ઠ અને મહત્વપૂર્ણ માહિતીસભર લેખોથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. ખાસ કરીને, કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની પ્રગતિ અંગે જાણવા મળે છે.

**ગોપાલ શ્રીવાસ્તવ**
**shrigopal6@gmail.com**

મને આ સુંદર મેગેઝીન વાંચવું ખૂબ ગમે છે. તેનાં દ્વારા સરકારની તમામ યોજના અંગેની માહિતી મળી જાય છે. આધુનિક ભારતમાં વિકાસનો ઘટનાક્રમ વાંચીને ગૌરવની લાગણી અનુભવું છું. સેંકડો સ્વતંત્રતા સેનાનીઓનું બલિદાન એળે નહીં જાય

**સુનિલ ચિલવાલ**
**iamchilwal@gmail.com**

ન્યૂ ઇન્ડિયા સમાચારનો 1-15 ઓક્ટોબરનો અંક વાંચવા મળ્યો, તેમાં 2 ઓક્ટોબરનાં રોજ બાપુ અને લાલ બહાદુર શાસ્ત્રીની જયંતી અને કોવિડ-19 પરના લેખ વાંચ્યાં. સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓ અને કેન્દ્રીય યોજનાઓ અંગેની માહિતી આપવા બદલ આભાર

**shrigopal6@gmail.com**

હું ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનનનો નિયમિત વાચક છું. દેશનાં દર્પણ સમાન આ મેગેઝીનમાં પ્રકાશિત સામગ્રી અનેક પ્રકારી માહિતીસભર હોય છે. દેશ-દુનિયાનાં સમાચારો રોમાંચિત કરે છે.

**મુકેશકુમાર ઋષિ વર્મા**
**mukesh123idea@gmail.com**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# હાઈવે દુર્ઘટનામાં ઈજાગ્રસ્તોને સમયસર હોસ્પિટલ પહોંચાડનારને રોકડ ઈનામ



હાઈવે પર થતી દુર્ઘટનામાં સમયસર મદદ ન મળવાને કારણે ઘણાં લોકોનાં જીવ જતાં રહે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) એ વર્ષ 2030 સુધી માર્ગ દુર્ઘટનાઓમાં મરનાર અને ઈજા પામનાર લોકોની સંખ્યા અડધી કરવાનો લક્ષ્ય નિર્ધારિત કર્યો છે. કેન્દ્ર સરકાર તેનાંથી પણ પાંચ વર્ષ પહેલાં એટલે કે 2025 સુધી લક્ષ્ય પૂરો કરવા માગે છે. આ લક્ષ્યને પૂરો કરવા માટે પહેલાં કડક નિયમો સાથે મોટર વ્હિકલ એક્ટ, 2021 લાગુ કરવામાં આવ્યો હતો. હવે માર્ગ અને પરિવહન મંત્રાલયે માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત લોકોને એક કલાકની અંદર હોસ્પિટલ પહોંચાડનારને રોકડ પ્રોત્સાહન આપવાની શરૂઆત કરી છે. આ અંતર્ગત રૂપિયા પાંચ હજારનો રોકડ પુરસ્કાર અને એક પ્રમાણપત્ર આપવામાં આવશે. તેને 'ભલો મદદકર્તા' નામ આપવામાં આવ્યું છે. મુસીબતમાં મદદ કરનાર વ્યક્તિને એક વર્ષમાં વધુમાં વધુ પાંચ વાર સન્માનિત કરવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરે આવા 10 સૌથી ભલા મદદકર્તાઓને રૂ. એક લાખનો પુરસ્કાર પણ આપવામાં આવશે. મંત્રાલયે આ માટે એક પોર્ટલ પણ શરૂ કર્યું છે, જેમાં ઈજાગ્રસ્તોની મદદ કરનારા લોકોની માહિતી દર મહિને અપલોડ કરવામાં આવશે.

## સરકારે 8,300 જન ઔષધિ કેન્દ્રનું લક્ષ્ય સમયમર્યાદા પહેલાં પૂરું કર્યું

મજબૂત સંકલ્પ હોય અને હૃદયમાં સેવા અને સંકલ્પનો ભાવ હોય તો લક્ષ્ય પૂરો થાય છે અને સમય પહેલાં હાંસલ કરી શકાય છે. પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ યોજનાના સંદર્ભમાં આ વાત બિલ્કુલ બંધબેસતી છે. સામાન્ય માણસો પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબધ્ધતાને કારણે જ લોકોને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવતા જન ઔષધિ કેન્દ્રોની સંખ્યા હવે 8,300 થઈ છે. આ માટેની સમયમર્યાદા માર્ચ 2022 નક્કી કરવામાં આવી હતી. માર્ચ, 2024 સુધી જન ઔષધિ કેન્દ્રોની સંખ્યા વધારીને 10,000 કરવાનું




લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પણ 8,300 કેન્દ્રોનુ લક્ષ્ય સપ્ટેમ્બર મહિનામાં જ પૂરું થઈ ગયું છે. સામાન્ય માણસોને સસ્તી અને સારી દવાઓ પૂરી પાડવા માટે 1 જુલાઈ, 2015નાં રોજ શરૂ કરવામાં આવેલી આ યોજનામાં જન ઔષધિ કેન્દ્રો દ્વારા 1451 દવાઓ અને 240 સર્જિકલ ઉપકરણો 50થી 90 ટકા સસ્તા ભાવમા વેચવામાં આવે છે.

## નેનો યુરિયા લિક્વિડનું કમર્શિયલ ઉત્પાદન કરનાર ભારત પ્રથમ દેશ

ભારતે નેનો યુરિયાનું કમર્શિયલ ઉત્પાદન શરૂ કરીને યુરિયાની આયાત ઘટાડવા માટે મહત્વનું પગલું ભર્યું છે. આમ કરનાર તે વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. જૂન મહિનામાં ઉત્પાદન શરૂ થયું હતું. હાલમાં દરરોજ નેનો યુરિયાની એક લાખથી વધુ બોટલનું ઉત્પાદન થાય છે. અત્યાર સુધી




સરકારે 50 લાખથી વધુ બોટલનું ઉત્પાદન કર્યું છે. 1 ઓક્ટોબરનાં રોજ ભાવનગર (ગુજરાત) માં પ્રથમ વાર ડ્રોન દ્વારા છંટકાવનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. હાલમાં, ભારતમાં વપરાતા કુલ નાઈટ્રોજન ખાતરમાં 82 ટકા હિસ્સો યુરિયાનો છે અને છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેનાં વપરાશમાં અભૂતપુર્વ વધારો થયો છે. વર્ષ 2020-21 દરમિયાન યુરિયાનો વપરાશ 37 મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચવાનું અનુમાન છે. તેનો વધુ પડતો વપરાશ પર્યાવરણ માટે જોખમી છે અને પોષક તત્વોની ક્ષમતા પણ ઓછી કરે છે.

# એસસી, એસટી વર્ગ માટે 75 નવાં સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન હબ સ્થાપવામાં આવશે



સમાજના પછાત વર્ગોને નવી તકો ઉપલબ્ધ કરાવવા અને દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં તેમનું યોગદાન સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. આ અંતર્ગત મેડિકલ સેક્ટરમાં અખિલ ભારતીય ક્વોટામાં ઓબીસી વર્ગ માટે અનામતની સાથે સંસદમાં કાયદો બનાવીને રાજ્યોને પોતાની રીતે ઓબીસી યાદી બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. હવે દેશભરમાં અનુસૂચિત જાતિ (એસસી) અનુસૂચિત જનજાતિ (એસટી) માટે 75 સાયન્સ ટેકનોલોજી અને ઈનોવેશન સેન્ટર સ્થાપવામાં આવશે. આ સેન્ટર વૈજ્ઞાનિક પ્રતિભાઓને પ્રોત્સાહન આપશે એટલું જ નહીં, પણ સમુદાયોના સામાજિક અને આર્થિક વિકાસમાં પણ યોગદાન આપશે. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) છેલ્લાં બે વર્ષોમાં 20 STI હબ (એસસી માટે 13 અને એસટી માટે 7) સ્થાપિત કરી ચૂક્યું છે. દરેક સેન્ટર દ્વારા વિવિધ વિસ્તારોમાં માં 20,000 અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતિને લાભ થશે.

## 75 મહિલા ઉદ્યોગસાહસિકોને વુમન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા એવોર્ડ મળશે




નવું ભારત અને આત્મનિર્ભર ભારતનું સપનું દેશની અડધી વસતિ ધરાવતી મહિલાઓનાં સશક્તિકરણ વિના અધૂરું છે. મહિલાઓની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને જ છેલ્લાં સાત વર્ષમાં કેન્દ્ર સરકાર નીતિ અને યોજનાઓ બનાવી રહી છે. 2018થી દર વર્ષે નીતિ આયોગના મહિલા ઉદ્યોગસાહસિક મંચ દ્વારા વુમન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા એવોર્ડ્સ અર્પણ કરવામાં આવે છે. આ વર્ષે દેશ આઝાદીના 75મા વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે આ પુરસ્કાર એવી 75 મહિલાઓને આપવામાં આવશે જેમણે ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં આત્મનિર્ભર વ્યવસાયનો માર્ગ ચિંધ્યો છે અને પોતાની અસાધારણ ક્ષમતાઓ સાથે વેપારમાં આવતા તમામ પડકારોનો પણ સામનો કર્યો છે. આ માટે 31 ડિસેમ્બર સુધી નોમિનેશન મગાવવામાં આવ્યા છે. https://wep.gov.in/ પર આવેદનપત્ર ઉપલબ્ધ છે. મહિલા ઉદ્યોગસાહસિક સ્વ નામાંકન પણ કરી શકે છે અથવા બીજાઓ દ્વારા પણ નોમિનેશન કરી શકાય છે. સાત શ્રેણીઓમાંથી એક કે તેનાથી વધુ શ્રેણી માટે નોમિનેશન મોકલી શકાય છે.

## ભારતીય અર્થતંત્ર 9.5 ટકાનાં દરે વૃધ્ધિ કરશેઃ આઈએમએફ

ભારત સરકારે લીધેલા મજબૂત આર્થિક નિર્ણયોને કારણે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (આઈએમએફ)એ તેના અંદાજમાં જણાવ્યું છે કે ભારત ચાલુ નાણાંકીય વર્ષમાં 9.5 ટકા અને 2022-23માં 8.5 ટકાના દરે વૃદ્ધિ કરશે. સંસ્થાના જણાવ્યા પ્રમાણે વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામી રહેલા અર્થતંત્રોમાં ભારતનો સમાવેશ થશે. મહત્વની વાત એ



છે કે ભારત અને સ્પેનને બાદ કરતાં અન્ય કોઈ દેશમાં આર્થિક વૃધ્ધિ દર 6 ટકાથી ઉપર જવાનું અનુમાન નથી. કોરોના મહામારીને પગલે નાણાંકીય વર્ષ 2020-21 દરમિયાન અર્થતંત્રમાં 7.3 ટકાનાં દરે ઘટાડો થયો હતો, પણ ચાલુ વર્ષમાં તેમાં વધારો થવાની સંભાવના છે. કોવિડના રસીકરણમાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી સારી કામગીરી કરી રહ્યું છે. રસીકરણની આ ઝડપ ભારતના અર્થતંત્ર માટે મદદરૂપ સાબિત થશે એ નિશ્ચિત છે. •






# રાષ્ટ્રની પ્રગતિને હવે ગતિ મળશે

**21મી સદીનું નવું ભારત પ્રગતિના નવા માર્ગ પર ચાલી રહ્યું છે ત્યારે એ જરૂરી છે કે વિકાસની આ યાત્રા સંપૂર્ણતા સાથેની, સાચી દિશામાં હોય, જેથી સામાન્ય લોકોને ઝડપી ગતિથી તેનો પૂરેપુરો લાભ મળે. આવા જ વિચાર સાથે શરૂ કરવામાં આવેલો નેશનલ માસ્ટર પ્લાન-પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજના હવે ભારતમાં માળખાકીય ક્ષેત્રનો વિકાસ કરશે, જેથી સંબંધિત વિભાગો વચ્ચે સમન્વય જળવાઈ રહે અને કોઈ કારણસર વિલંબ ન થાય. મલ્ટીમોડલ કનેક્ટિવિટીની આ મહત્વાકાંક્ષી યોજનામાં 16 કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો દ્વારા આયોજિત અને હાથ ધરવામાં આવેલી માળખાકીય પહેલને એકીકૃત કરવા માટે એક સેન્ટ્રલાઇઝ્ડ પોર્ટલની પરિકલ્પના કરવામાં આવી છે, જેથી રાષ્ટ્રની પ્રગતિને વેગ મળે..**

તમે તમારી આસપાસ ઘણી જગ્યાઓ પર એક બોર્ડ લાગેલું જોયું હશે. Work in progress... ઘણી વાર એવું બનતું હોય છે કે રોડ બની ગયા પછી સંબંધિત વિભાગનાં ધ્યાનમાં આવે કે અહીં ઓપ્ટિકલ ફાઈબર અથવા કેબલ નાખવાનાં તો બાકી છે. કોઈક વાર એવું પણ બને છે કે રસ્તો બની ગયા પછી ગેસ પાઈપલાઈન નાખવા માટે થોડાં દિવસ બાદ ખોદકામ શરૂ થઈ જાય છે. આવું થવાનું કારણ એ છે કે તેની સાથે સંકળાયેલા અલગ-અલગ વિભાગ, અલગ-અલગ રીતે કામ કરતા રહે છે. એટલે કે એક બીજા વિભાગો વચ્ચે સંકલનનો અભાવ. આને કારણે પ્રોજેક્ટમાં વિલંબ થાય છે, પ્રોજેક્ટનો ખર્ચ વધે છે અને સામાન્ય માણસ હેરાન થાય છે. માળખાગત સુવિધાઓનાં ક્ષેત્રમાં અભૂતપુર્વ પ્રગતિ કરી રહેલા ભારતના વિકાસમાં સંકલનનો અભાવ નડતરરૂપ છે. આ સમસ્યાને દૂર કરવા માટે પ્રથમ વાર દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂ. 107 લાખ કરોડનાં નેશનલ માસ્ટર પ્લાન-ગતિશક્તિનો પ્રારંભ કર્યો.


## નવા ભારતના વિકાસનો મંત્ર

**આત્મનિર્ભર ભારતના સંકલ્પ સાથે અમે આગામી 25 વર્ષો માટે ભારતનો પાયો નાખી રહ્યા છીએ. પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન, ભારતનાં આ આત્મબળને, આત્મવિશ્વાસને, આત્મનિર્ભરતાના સંકલ્પ સુધી લઈ જશે. આ નેશનલ માસ્ટરપ્લાન 21મી સદીના ભારતને ગતિશક્તિ આપશે**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા ભારતના વિકાસને મંત્ર બનાવીને મોટાં નિર્ણયો લઈને તેનો સમયસર અમલ કર્યો છે. કોઈ પણ નીતિ હોય કે યોજના હોય, સુસંકલન દ્વારા જાહેરાત પહેલાં જ તેના વાસ્તવિક અમલ માટેની તૈયારીઓ કરી લેવામાં આવે છે. 15 ઓગસ્ટ, 2021નાં રોજ નવા ભારતના વિકાસના માસ્ટર પ્લાન-ગતિશક્તિની જાહેરાત કરતાં વડાપ્રધાને કહ્યું હતું, “અમે કરોડો દેશવાસીઓનું સપનું પૂરું કરનારી એક બહુ મોટી યોજના પ્રધાનમંત્રી ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન દેશ સમક્ષ લાવવાનાં છીએ. ગતિશક્તિ આપણા દેશ માટે એક એવો નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન હશે, જે વિકાસની દ્રષ્ટિનો પાયો નાખીને આપણા અર્થતંત્રને એકીકૃત માર્ગની તરફ લઈ જશે. ”  જાહેરાતના માત્ર બે મહિનાની અંદર 13 ઓક્ટોબરનાં રોજ તેની શરૂઆત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રગતિનો નવો મંત્ર આપતા કહ્યું,  “આજે 21મી સદીનું ભારત સરકારી વ્યવસ્થાનાં જૂના અભિગમને છોડીને આગળ વધી રહ્યું છે. આજનો મંત્ર છે, ‘Will for progress, work for progress, wealth for progress, plan for progress, preference for progress.’ એટલે કે પ્રગતિની ઈચ્છાશક્તિ, પ્રગતિ માટે કાર્ય, પ્રગતિ માટે ધન, પ્રગતિ માટે યોજના અને પ્રગતિને પ્રાથમિકતા.

GatiShakti
National Master Plan for
Multi-Modal connectivity





**109**
ફાર્મા મેડિકલ ડિવાઈસ સેન્ટર બનાવવામાં આવશે

**25,000**
એકર વિકસિત વિસ્તાર

**197**
મેગા ફૂડ પાર્ક બનાવવામાં આવશે, જેની ક્ષમતા

**847**
લાખ મેટ્રિક ટન હશે

**90**
ટેક્સટાઈલ સેક્ટર અને ટેક્સટાઈલ ક્લસ્ટરનું નિર્માણ થશે

**202**
ફિશિંગ ક્લસ્ટર અને પોર્ટથી માછલીનું ઉત્પાદન બમણું થશે

**11**
ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર

**02**
ડિફેન્સ કોરિડોર



રાષ્ટ્ર

પીએમ ગતિશક્તિ યોજના

# ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મળશે ગતિ

## રેલવે

**1600** મેટ્રિક ટન સુધી વધારવામાં આવશે રેલવેની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતાને વર્ષ 2024-25 સુધી. હાલમાં 1200 મે. ટન છે. ડીએફસીનાં નિર્માણમાં વેગ આવશે

વર્ષ 2024-25 સુધી દેશમાં ગેસ પાઇપલાઇનનું નેટવર્ક બમણું કરીને 34,500 કિ.મી. કરવામાં આવશે. વર્ષ 2027 સુધી દરેક રાજ્યને નેચરલ ગેસ પાઇપલાઇનથી જોડવાની સરકારની યોજના

### ઇન્ડસ્ટ્રિયલ નોડ

4 ઇન્ડસ્ટ્રિયલ નોડ બનાવવાની દરખાસ્ત. ઉત્તરપ્રદેશનાં દાદરી, કર્ણાટકના તુમુકુર અને મહારાષ્ટ્રના શેંદ્ર બિડકીનમાં બનાવવામાં આવશે.

### નેશનલ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર

આ અંતર્ગત દેશભરમાં 2024-25 સુધી 11 ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર બનાવવાની યોજના છે. આ સાથે બે ડિફેન્સ કોરિડોરનું પણ નિર્માણ કરવામાં આવશે.

**220** એરપોર્ટ, હેલીપેડ અને એરોડ્રોમ્સનું નિર્માણ કરવામાં આવશે વર્ષ 2024-25 સુધી

## ઉડાન યોજના

- ગતિશક્તિ યોજના દ્વારા દેશમાં UDAN અંતર્ગત રીજનલ કનેક્ટિવિટીમાં ઝડપ આવશે. વર્ષ 2024-25 સુધી એરપોર્ટ /હેલીપોર્ટ /વોટર એરોડ્રોમની સંખ્યા વધીને 220 થઈ જશે. આમાં, 109 નવા એરપોર્ટ હશે.
- આ અંતર્ગત દેશમાં 51 એરસ્ટ્રિપના વિકાસનું કામ, 18 નવા પ્રોજેક્ટ, 12 વોટર એરોડ્રોમ અને 28 હેલીપોર્ટનાં નિર્માણનો સમાવેશ થાય છે.

## ઇ-કનેક્ટિવિટી

2022 સુધી દેશનાં તમામ ગામડાંને 4જી મોબાઇલ કનેક્ટિવિટી દ્વારા જોડવામાં આવશે

## અક્ષય ઊર્જા

**225**

ગીગાવોટ અક્ષય ઊર્જા ઉત્પાદનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે 2024-25 સુધી

## ટ્રાન્સમિશન

**4,54,200**

સર્કિટ કિ.મી. ટ્રાન્સમિશન નેટવર્કનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે વર્ષ 2024-25 સુધી

**202**

લાખ કિ.મી ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક પાથરવાની યોજના વર્ષ 2024 સુધી.

ગંગા નદીમાં 29 મિલિયન મેટ્રિક ટન અને અન્ય નદીઓમાં 95 મિલિયન મેટ્રિક ટન ક્ષમતાનાં કાર્ગો વહનનું લક્ષ્ય


## 2 લાખ કિલોમીટર નેશનલ હાઇવે

વર્ષ 2024-25 સુધી NHAI દ્વારા સંચાલિત નેશનલ હાઇવેનું વિસ્તરણ કરીને બે લાખ કિ.મી સુધી કરવામાં આવશે. વર્ષ 2014માં તે માત્ર 91,000 કિ.મી. હતો અને નવેમ્બર 2021 સુધીમાં તે 1.3 લાખ કિ.મી થઈ જશે. તેનાથી સંરક્ષણ ઉત્પાદનમાં પણ ઘણી ઝડપ આવશે. આશરે રૂ. 20,000 કરોડનાં રોકાણથી ઉત્તરપ્રદેશ અને તામિલનાડુમાં 2 ડિફેન્સ કોરિડોર બનાવવાની યોજના છે. તેનાં કારણે ભારતમાં આશરે રૂ. 1.7 લાખ કરોડની સંરક્ષણ ચીજોનું ઉત્પાદન થશે.



## આ રીતે મળશે ભારતના વિકાસને ગતિ

- ગતિશક્તિ આપણા દેશનો ઈન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન હશે, જે સમગ્ર માળખાકીય સુવિધાઓનો પાયો નાખશે. પ્રધાનમંત્રી ગતિશક્તિ યોજના અંતર્ગત 16 મંત્રાલયો અને વિભાગોએ એ તમામ પ્રોજેક્ટ્સને જીયોગ્રાફિકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ (GIS) મોડમાં મૂક્યાં છે, જેમને 2024-25 સુધી પૂરાં કરવાના છે.
- જેમ કે વિવિધ મંત્રાલયો અને રાજય સરકારોની ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ ભારતમાલા, સાગરમાલા, અંતર્દેશીય જળમાર્ગો, ડ્રાય/ લેન્ડ પોર્ટ, ઉડાન વગેરેને સામેલ કરવામાં આવશે. તેનાથી ઉદ્યોગોની કાર્યક્ષમતા વધારવામાં મદદ મળશે. સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન મળશે. ઉદ્યોગોની સ્પર્ધાત્મકમાં વધારો થશે અને ભવિષ્યમાં આર્થિક ક્ષેત્રોના નિર્માણ માટે નવી સંભાવનાઓ વિક્સિત કરવામાં પણ મદદ કરશે.
- પીએમ ગતિશક્તિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના તમામ મહત્વના મુદ્દાઓ માટે સમગ્ર યોજનાને સંસ્થાકીય રૂપ આપીને તમામ પેન્ડિંગ મુદ્દાઓનો ઉકેલ લાવશે. વિવિધ વિભાગો દ્વારા અલગ-અલગ રહીને યોજનાઓ અને અને ડિઝાઇન તૈયાર કરવાને બદલે પ્રોજેક્ટ્સને સમાન દ્રષ્ટિકોણથી તૈયાર અને કાર્યાન્વિત કરવામાં આવશે.
- મોદી સરકારનું આ એવું મહત્વાકાંક્ષી અને વ્યાપક જીયો-સ્પેશિયલ ડિજિટલ પ્લેટફોર્મ હશે જેનાં દ્વારા પ્રોજેક્ટ્સનું એકીકૃત રીતે આયોજન અને સંકલિત રીતે અમલીકરણ થશે. પ્રારંભમાં તેનાં દ્વારા કેન્દ્ર સરકારનાં પ્રોજેક્ટ્સમાં નવા પરિવર્તનની શરૂઆત થશે, પછીથી આ પ્રક્રિયા કોર્પોરેશન સ્તર સુધી લઈ જવામાં આવશે.
- તેમાં વિવિધ આર્થિક ઝોનમાં મલ્ટીમોડલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે એક સેન્ટ્રલ નેશનલ માસ્ટર પ્લાન હશે. તેમાં નેશનલ હાઈવે, રેલવેના ફ્રેઈટ કોરિડોર, ગેસ પાઈપલાઈન, એરપોર્ટ, એવિએશન, દવાઓ, ઈલેક્ટ્રોનિક આઈટમ, ફુડ પ્રોસેસિંગનું ઉત્પાદન, સંરક્ષણ ઉત્પાદન, ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર વગેરેનો સમાવેશ થાય છે.
- પ્રારંભમાં 16 એવા મંત્રાલયોને નક્કી કરવામાં આવ્યા છે જે માળખાકીય ક્ષેત્રના વિકાસના કામો સાથે સંકળાયેલા છે, અથવા જેની ઓળખ અર્થતંત્રના ચાલક બળ તરીકે થાય છે. તેના અંતર્ગત પ્લોટ સ્તરના 3D વિઝ્યુલાઈઝેશન મેપિંગ દ્વારા ઓછા ખર્ચમાં અને યુઝર ફ્રેન્ડલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર થશે.
- આ ડિજિટલ સિસ્ટમમાં મંત્રાલયોને અલગ લોગ ઈન આઈડી આપવામાં આવશે, જેમાં તેઓ નિયમિત રીતે પોતાનો ડેટા અપડેટ કરી શકશે. આ તમામ ડેટા એક પ્લેટફોર્મ પર હશે.




## લોકોનું જીવન સરળ બનશે

**આ યોજના અંતર્ગત કોઈ આયોજન વગર કરવામાં આવતા બાંધકામને કારણે થતી અડચણો દૂર થશે. તેનાથી દેશમાં નિર્વિઘ્ને અવરજવર થઈ શકશે. લોકોનો મુસાફરી સમય ઘટશે. તેનાંથી રોજગારીની તકોનું પણ સર્જન થશે અને ઇઝ ઓફ ડુઇંગમાં પણ સુધારો થશે. સારા આયોજનથી ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ લાગુ કરવામાં ખર્ચ અને સમય બંને બચશે. તેનાંથી રોકાણ અને સ્પર્ધાને પ્રોત્સાહન મળશે.**

વર્ષ 2014માં સરકારે સત્તાનાં સૂત્રો સંભાળ્યા ત્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે પાયાની સુવિધાઓના વિકાસનું કામ શરૂ થયું કારણ કે દેશની જનતા 70 વર્ષથી તેની રાહ જોતી હતી. અગાઉની સરકારોમાં, પહેલાં જાહેરાત થતી હતી, પછી યોજના બનતી હતી, બજેટ બનતું હતું. આવા અનેક તબક્કાઓ વચમાં આવતા હોવાથી જે કામ બે-ચાર વર્ષમાં પૂરું થવું જોઈતું હતું, તેને 50 વર્ષ લાગી જતા હતા. કેરળનો કોલ્લમ બાયપાસ અને આસામનો બોગીબીલ પુલ જેવા અનેક પ્રોજેક્ટ્સ તેનાં ઉદાહરણ છે. તેનું કારણ હતું સંકલનનો અભાવ. પણ હવે અટકાવવાની, લટકાવવાની અને ભટકાવવાની સંસ્કૃતિ વિદાય થઈ ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, “હવે સમયસર કામ પૂરા કરવાની સંસ્કૃતિ વિક્સી રહી છે. અમે જેનો શિલાન્યાસ કરીએ છીએ, તેનું ઉદઘાટન પણ અમે જ કરીએ છીએ. આ અભિમાન નહીં, અમારી જાહેર પ્રતિબધ્ધતા છે.”

# લક્ષ્ય વિશાળ, સિધ્ધિ અસાધારણ


# 1,00,00,00,000



*દિલ્હીની રામમનોહર લોહિયા હોસ્પિટલમાં વારાણસીના દિવ્યાંગ અરૂણ રોયને 100 કરોડમો ડોઝ લગાવવામાં આવ્યો ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ત્યાં હાજર હતા*

**ગયા વર્ષે માર્ચ મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલાં એક દિવસનો જનતા કરફ્યુ અને પછી સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરી હતી. આ એવી કટોકટી હતી, જેનાં અંગે અગાઉ કોઈએ ન સાંભળ્યું હતું, કે ન ભારત સહિત વિશ્વના કોઈ પણ દેશને તેની સામે લડવાની રીત ખબર હતી. રસી ક્યારે આવશે, કઈ રીતે આવશે, કોને મળશે અને કઈ રીતે મળશે? આ તમામ પ્રશ્નો સામે હતા, પણ ભારતને અને ભારતીયોને પોતાના વૈજ્ઞાનિકો અને આરોગ્યકર્મીઓ પર ભરોસો હતો. આ ભરોસાએ સંકટના સમયમાં લડવાનો આત્મવિશ્વાસ આપ્યો. એક વર્ષથી ઓછા સમયમાં આપણને રસી મળી અને કેન્દ્ર સરકારે રસી બની એ પહેલાં જ રસીકરણની સમગ્ર યોજના તૈયાર કરી રાખી હતી.. આ તૈયારીનું પરિણામ એ આવ્યું કે આજે ભારત માત્ર નવ મહિનામાં જ 100 કરોડ રસીના ડોઝ લગાવનાર વિશ્વનો બીજો દેશ બન્યો...**

## ભારત દ્વારા 100 કરોડ રસીકરણ




## અત્યાર સુધીનું સૌથી ઝડપી
## રસીકરણ અભિયાન





નવરાત્રિ દરમિયાન બિહારના ભાગલપુરમાં લોકો પંડાલોમાં માં દુર્ગાના દર્શન કરવા ગયા ત્યારે ત્યાં જ તેમને કોવિડ રસીનો ડોઝ આપવામાં આવ્યો. અમદાવાદમાં લોકો વધુને વધુ સંખ્યામાં રસી લગાવે એ માટે મહાનગરપાલિકાએ લકી ડ્રો દ્વારા ઈનામ આપવાની જાહેરાત કરી. દિલ્હીમાં 'વેક્સિનેશન ઓન વ્હિલ્સ' ઝૂંબેશ દ્વારા એવા શ્રમિકોને બસમાં રસી આપવામાં આવી રહી છે જેઓ રજીસ્ટ્રેશન નથી કરાવી શક્યા. હિમાચલ પ્રદેશ અને કાશ્મીરના પર્વતોમાં વસેલા નાના નાના ગામના રહેવાસીઓને આરોગ્યકર્મીઓ ઘેર ઘેર જઈને રસી આપી રહ્યા છે. બિહારમાં પૂરને કારણે રસીકરણ કામગીરી ન અટકે તે માટે 'ટીકાવાલી નાવ' (રસી મૂકતી હોડી)ની તસવીર તમે ન્યૂ ઈન્ડિયા સમાચારના અગાઉના અંકમાં જોઈ ચૂક્યા છો.

આ તમામ કહાનીઓ વિશ્વના સૌથી મોટા અને મફત રસીકરણ અભિયાનના પાયાને મજબૂત કરનાર પથ્થર છે, જેનાં પર ચાલીને આજે દેશ 100 કરોડ રસી લગાવીને વિશ્વના દરેક દેશને પાછળ છોડી ચૂક્યો છે. કોવિડની બીજી લહેર દરમિયાન મે મહિનામાં કેન્દ્ર સરકારે ડિસેમ્બર સુધીમાં 100 કરોડ લોકોને રસી મૂકવાની વાત કરી ત્યારે ઘણાં લોકોએ આ દાવા પર શંકા કરી હતી. રસીની અછતને મુદ્દો બનાવવામાં આવ્યો. પણ નિર્ધારિત લક્ષ્યનાં અઢી મહિના પહેલાં જ 100 કરોડ ડોઝ આપીને આપણે બતાવી દીધું કે આ નવું ભારત છે, જે સંકલ્પ લઈને આગળ વધે પણ છે અને સિદ્ધિ સાથે લક્ષ્ય પૂરાં પણ કરે છે. પણ આ કઈ રીતે શક્ય બન્યું એ સમજવું જરૂરી છે. ઋષિકેશના એઈમ્સના પરિસરમાં નવા પીએસએ ઓક્સિજન જનરેશન પ્લાન્ટનો પ્રારંભ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, "કોરોના સામેની લડાઈમાં દેશની વસતિ એક મોટો પડકાર હતો જ, ભારતની વૈવિધ્યસભર ભુગોળ પણ મોટો પડકાર હતો. ઓક્સિજનની સપ્લાયથી લઈને રસી સુધીનાં પડકારો દેશ સમક્ષ આવતા રહ્યા, સતત આવતા રહ્યા. દેશ તેની સામે કઈ રીતે લડ્યો, એ જાણવું, એ સમજવું, દરેક દેશવાસીઓ માટે અત્યંત જરૂરી છે." વાસ્તવમાં, સામાન્ય દિવસોમાં ભારતમાં એક દિવસમાં 900 મેટ્રિક ટન લિક્વિડ મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન થતું હતું. માગ

> **21 ઓક્ટોબર, 2021નો દિવસ ઇતિહાસમાં નોંધાઈ ગયો છે. આ સિધ્ધિ ભારતની છે, ભારતના પ્રત્યેક નાગરિકની છે. ભારતની આ સિધ્ધિ આરોગ્યના ક્ષેત્રમાં અભૂતપુર્વ હોવાની સાથે સાથે વૈશ્વિક સ્તરે ભારતની તાકાતનું પ્રતીક છે. આપણે વિજ્ઞાનીઓ, ઉધોગસાહસિકો અને 130 કરોડ ભારતીયોની સામૂહિક ભાવનાનો વિજય જોઈ રહ્યા છીએ.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# ભારતમાં રસીકરણની સૌથી ઝડપી ગતિ

## આંકડાઃ પ્રતિ દિવસ ડોઝ લાખમાં




15 ઓક્ટોબર, 2021 સુધીના આંકડા | સ્રોતઃ covidvax.live





**11** મહિનામાં રસીની શરૂઆત પ્રથમ કોવિડ કેસ બાદ

**05** વાર એક દિવસમાં એક કરોડથી વધુ ડોઝ આપીને રેકોર્ડ સર્જ્યો

**2.5 કરોડ**

રસીના ડોઝ આપવામાં આવ્યા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરનાં રોજ. વિશ્વમાં કોઇ પણ રસીના એક દિવસમાં આપવામાં આવેલા ડોઝનો આ રેકોર્ડ છે.


## મહાદ્વિપો કરતાં પણ મોટું રસીકરણ અભિયાન




આંકડા 19 ઓક્ટોબર, 2021 સુધીના

વધતાં ભારતમાં મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન 10 ગણાથી પણ વધુ વધી ગયું. વિશ્વના કોઇ પણ દેશ માટે આ અકલ્પનીય લક્ષ્ય હતું, પણ ભારતે તેને હાંસલ કરી બતાવ્યું એટલું જ નહીં, ઓક્સિજનના ઉત્પાદનની સાથે તેનું પરિવહન પણ મોટો પડકાર હતો. ઓક્સિજનના પરિવહન માટે ખાસ ટેન્કરની જરૂર પડે છે.

# દર મહિને આ રીતે ઉપર ગયો ભારતમાં રસીકરણ અભિયાનનો ગ્રાફ




તેથી લોજિસ્ટિક્સનાં આટલાં પડકારોનો સામનો કરતાં સરકારે યુધ્ધસ્તરે કામ કર્યું. ઉત્પાદન વધારવા માટે ડીઆરડીઓ દ્વારા તેજસ ફાઈટર પ્લેનની ટેકનોલોજી અપનાવવામાં આવી. પીએમ કેર્સ દ્વારા દેશમાં પીએસએ ઓક્સિજન પ્લાન્ટ લગાવવાનું કામ ઝડપથી કરવામાં આવ્યું. એક લાખથી વધુ ઓક્સિજન કોન્સન્ટ્રેટર માટે નાણાં આપવામાં આવ્યા.

### દેશમાં હવે ડ્રોનથી કોવિડ રસી મોકલવામાં આવી રહી છે

ભારતમાં હવે ડ્રોન દ્વારા રસી મોકલવામાં આવી રહી છે. પ્રથમ વાર આ રસી મણિપુરના બિશનપુરથી કરાંગ સુધી મોકલવામાં આવી. રોડ માર્ગે આ બંને સ્થળો વચ્ચેનું અંતર માત્ર 26 કિ.મી છે પણ ડ્રોન દ્વારા મોકલવાને કારણે અંતર ઘટીને માત્ર 15 કિ.મી થઈ ગયું. આઈસીએમઆરે ડ્રોન દ્વારા માત્ર 12-15 મિનીટમાં જ રસીને નિર્ધારિત સ્થળે પહોંચાડી દીધી. અંતરિયાળ વિસ્તારો અને દુર્ગમ પહાડોમાં માનવરહિત હવાઈ વાહનો (UAV)/ ડ્રોનની મદદથી ભૌગોલિક પડકારોનો સામનો કરવા i-Drone ડિઝાઈન કરવામાં આવ્યા છે. હાલમાં, ડ્રોન આધારિત ડિલીવરી પ્રોજેક્ટને મણિપુર અને નાગાલેન્ડની સાથે સાથે કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન-નિકોબારમાં શરૂ કરવામાં આવ્યો છે.

### રોજના પાંચ લાખ નવા દર્દીઓની સારવાર માટે સક્ષમ

ભારતે તેના આરોગ્ય માળખાને એટલું મજબૂત કરી દીધું છે કે ફરીથી કોવિડના કેસોમાં વધારો થશે તો એક દિવસમાં પાંચ લાખ જેટલાં દર્દીઓને સરળતાથી સારવાર કરી શકાશે. નીતિ આયોગના સભ્ય ડો. વી કે પૌલનું માનવું છે કે આવનારી લહેર વધુ અસરકારક ન રહે તે માટેની અમારી સંપૂર્ણ તૈયારીઓ છે. જો કે, તેનો અર્થ એ નથી કે આટલી મોટી સંખ્યામાં સંક્રમણના કેસો સામે આવશે. એવું એટલાં માટે નહીં થાય કારણ કે દેશમાં રસીકરણ કામગીરી ઝડપી ગતિથી ચાલી રહ્યું છે, અને લોકો કોવિડ સંબંધિત પ્રોટોકોલનું પાલન કરી રહ્યા છે. તેથી, કોવિડના કેસોમાં ફરીથી આટલો ઝડપી વધારો થવાની સંભાવના નથી. રાજ્યો પાસેથી મળેલા અહેવાલ અનુસાર કોવિડ સંક્રમિત દર્દીઓ માટે દેશમાં 8.36 લાખ બેડ ઉપલબ્ધ છે. ●



# ઉત્સવનો રંગ સ્વદેશીને સંગ

**કોવિડ મહામારીની સમસ્યાએ દેશને વિકાસની નવી તક આપી છે. ‘રાષ્ટ્ર પ્રથમ, હંમેશા પ્રથમ’ની ભાવનાને કારણે સ્થાનિક ઉત્પાદન અને ભારતીય બજાર પર સકારાત્મક અસર પડી છે. ‘વોકલ ફોર લોકલ’ હવે દરેક વ્યક્તિનો મંત્ર બની ગયો છે, તો આત્મનિર્ભર ભારતની ઝૂંબેશે સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે પહોંચાડ્યા છે અને હવે ‘સ્વદેશી સંગ ઉત્સવ’ જનસેવા અને દેશસેવાનું માધ્યમ બની ગયું છે. રોજબરોજની દરેક જરૂરિયાત માટે સ્થાનિક વસ્તુઓની ખરીદી કરતા લોકો તહેવારોમાં પણ સ્થાનિક ચીજોની જ ખરીદી કરે છે.**




અમેરિકાની ઉત્તર સરહદ પર મેક્સિકોમાં ઓહાકા નામની એક જગ્યા છે. આ વિસ્તારના માર્ક બ્રાઉન નામના યુવાને મહાત્મા ગાંધી પર ફિલ્મ જોઈ. આ ફિલ્મ જોઈને બ્રાઉન એટલો પ્રભાવિત થયો કે તે ભારતમાં બાપુના આશ્રમમાં આવ્યો અને તેમનાં વિષેની માહિતી એકત્ર કરીને તેમને જાણ્યા. બ્રાઉનને સમજાયું કે ભારતની ખાદી માત્ર એક કપડું નથી, પણ સમગ્ર જીવન પધ્ધતિ છે. તેની સાથે ગ્રામીણ અર્થતંત્ર અને આત્મનિર્ભરતાની ફિલોસોફી જોડાયેલી છે. બ્રાઉને નિર્ધાર કર્યો કે મેક્સિકો જઈને તેઓ ખાદીનું કામ શરૂ કરશે. તેમણે ઓહાકામાં ગ્રામીણોને ખાદીનું કામ શીખવાડ્યું, તાલીમ આપી અને આજે 'ઓહાકા ખાદી' એક બ્રાન્ડ બની ગઈ છે. બ્રાઉન કહે છે, પ્રારંભમાં લોકોને ખાદી અંગે શંકા હતી, પણ પછીથી લોકોને તેમાં રસ પડ્યો અને તેનું બજાર ઊભું થયું. તમે લોકોની જરૂરિયાત પૂરી કરો છો ત્યારે તેઓ પણ તમારી સાથે જોડાવા માંડે છે. લાંબા સમય સુધી સાદગીની ઓળખ બની ગયેલી ખાદી મેક્સિકોના ઓહાકામાં કઈ રીતે પહોંચી તે કોઈ રસપ્રદ વાર્તાથી કમ નથી. આઝાદીના આંદોલનો બાદ ફરી એક વાર ખાદી સ્વદેશી શાન અને ફેશનનો પર્યાય બની રહી છે. તેથી, ઓહાકા જ નહીં, વિશ્વમાં બીજાં ઘણાં સ્થળોએ ખાદી બનાવવામાં આવી રહી છે.

મુંબઈમાં રહેતા હર્ષ ત્રિવેદી થોડાં દિવસો પહેલાં પોતાના દીકરા માટે રમકડાં ખરીદવા બજારમાં ગયા. હર્ષ કહે છે પહેલી વાર મેં જોયું કે દુકાનદાર ગ્રાહકોને કહી રહ્યો છે કે આ રમકડાં સારા છે કારણ કે તે મેઈડ ઈન ઈન્ડિયા છે. આ અગાઉ મોંઘા વિદેશી રમકડાંઓને જ સારા માનવામાં આવતા હતા.

હર્ષ ત્રિવેદીનો આ અનુભવ ભારતીયો લોકલ ચીજવસ્તુઓ માટે વોકલ થઈ રહ્યા હોવાનું ઉદાહરણ છે, તો ઓહાકાની ખાદી ભારતીય બ્રાન્ડ ગ્લોબલ બની હોવાનું. ભારતની સ્થાનિક પ્રોડક્ટ્સની એ ખૂબી છે કે તેની સાથે હંમેશા એક ફિલોસોફી જોડાયેલી હોય છે. એટલાં માટે જ કોવિડના સમયમાં 'વોકલ ફોર લોકલ'નું આહવાન આજે ભારતીયોનો અવાજ બની ગયો છે. ભારતીયો લોકલ ચીજો ખરીદવા લાગ્યા છે, તો દેશી ઉત્પાદનો પણ ગ્લોબલ થવા માંડી છે, કારણ કે વિશ્વ પણ આ સ્થાનિક ઉત્પાદનોની પ્રશંસક બની ગયું છે. દેશ આજે આઝાદીના 75માં વર્ષમાં અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે,

> **આપણે જ્યારે તહેવારોની વાત કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ મનમાં એ જ વિચાર આવે કે, બજારમાં ક્યારે જવું છે? શું શું ખરીદી કરવાની છે? ખાસ કરીને બાળકો ખરીદી માટે બહુ ઉત્સાહી હોય છે. આ વખતે તહેવારમાં નવું શું મળવાનું છે? તહેવારોનો આ ઉમંગ અને બજારની ચમક એક બીજા સાથે સંકળાયેલી છે. પણ આ વખતે તમે ખરીદી કરવા જાવ ત્યારે 'વોકલ ફોર લોકલ'નો સંકલ્પ ચોક્કસ યાદ રાખજો. બજારમાંથી સામાન ખરીદતી વખતે આપણે સ્થાનિક ચીજવસ્તુઓને પ્રાથમિકતા આપવાની છે.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**




# સ્થાનિક ઉત્પાદનોના વેચાણે રેકોર્ડ તોડ્યો

## ખાદી પર ભરોસો વધ્યો




સ્વદેશી પ્રત્યે લોકોનો પ્રેમ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને પરિણામે ખાદી પ્રત્યે લોકોમાં નવો વિશ્વાસ જાગ્યો છે. આંકડા આ વાતની સાબિતી પૂરી પાડે છે.




## ખાદી ઈન્ડિયા

**કનોટ પ્લેસ, દિલ્હીમાં આ વર્ષે એક દિવસનું વેચાણ**

**₹1,01,66,000**

2 ઓક્ટોબર, 2021

| | |
|---|---|
| 2 ઓક્ટોબર, 2021 | ₹102.24 લાખ |
| 24 ઓક્ટોબર, 2020 | ₹105.62 લાખ |
| 7 નવેમ્બર 2020 | ₹106.18 લાખ |
| 13 નવેમ્બર 2020 | ₹111.40 લાખ |

> **વડાપ્રધાન મોદીએ 'આત્મનિર્ભર ભારત'નું આહવાન કર્યું અને 'આત્મનિર્ભરતા' ઓક્સફોર્ડ ડિક્શનરીનો 'વર્ડ ઓફ ધ યર' બની ગયો.**

સ્થાનિક ચીજવસ્તુઓ અંગે લોકોમાં જાગૃતિનાં પરિણામે જ યુવા પેઢી ખાદીને પસંદ કરી રહી છે. આજે ખાદી અને હેન્ડલુમનું ઉત્પાદન અનેક ગણું વધ્યું છે અને તેની માગ પણ વધી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એવું અનેક વાર બન્યું, જ્યારે દિલ્હીના ખાદી શો રૂમમાં એક દિવસમાં એક કરોડથી વધુનો બિઝનેસ થયો હોય. આ હકીકતને ધ્યાનમાં રાખતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમન અપીલનું પુનરાવર્તન કરતાં કહે છે, "દિવાળીનો તહેવાર નજીક છે, તહેવારોનો મોસમ માટે ખાદી, હેન્ડલુમ, કુટીર ઉદ્યોગ સાથે સંકળાયેલી તમારી દરેક ખરીદી 'વોકલ ફોર લોકલ'ના આ અભિયાનને મજબૂત કરશે અને જૂના રેકોર્ડ તોડશે."

વોકલ ફોર લોકલની અસરનો અંદાજ તેનાં પરથી પણ લગાવી


# ‘લોકલ’ માટે ‘વોકલ’ થયા લોકો

**મહિલા દિવસે વડાપ્રધાન મોદીએ તામિલનાડુની ટોડા જનજાતિના કલાકારો દ્વારા બનાવવામાં આવેલી શાલ, નાગાલેન્ડની પરંપરાગત શાલ, મધુબનીની પેઈન્ટેડ સ્ટોલ અને પશ્ચિમ બંગાળની આદિવાસી જનજાતિઓ દ્વારા શણમાંથી બનાવવામાં આવેલાં ફાઈલ ફોલ્ડરની ખરીદી કરી. થોડી જ વારમાં આ પ્રોડક્ટ્સ ‘આઉટ ઓફ સ્ટોક’ થઈ ગઈ. સ્વદેશી ચીજ વસ્તુઓ પ્રત્યે ભારતીયોના ભરોસાને કારણે 2020માં દિવાળી દરમિયાન સ્થાનિક ચીજવસ્તુઓની ખરીદીએ 2019ની દિવાળીના વેચાણનો રેકોર્ડ તોડ્યો.**

| વસ્તુ | 14.10.19 થી 27.10.19 | 01.11.20 થી 14.11.20 | વૃધ્ધિ (%) |
|---|---|---|---|
| મેટલ આર્ટ પ્રોડક્ટ | 3.34 | 4.14 | 24 |
| બોક્સમાં ચરખા સહિત કાચનો સામાન | 0.01 | 0.34 | 3300 |
| ગ્રામોદ્યોગની અન્ય ચીજો | 76.33 | 309.93 | 306 |
| ફેબ્રિક કોટન | 82.98 | 724.18 | 773 |
| પોલી ફેબ્રિક | 8.23 | 23.23 | 182 |
| ફેબ્રિક સિલ્ક | 123.28 | 364.64 | 196 |
| ફેબ્રિક ઉન | 42.2 | 105.1 | 149 |
| ભરતકામની ચીજો | 1.59 | 3.37 | 112 |
| ખાદીના માસ્ક સહિત રેડીમેડ | 192.75 | 458.26 | 138 |
| મધ | 6.99 | 21.24 | 204 |
| પાપડ | 1.93 | 20.17 | 943 |
| અથાણાં | 1.71 | 17.60 | 928 |
| મસાલા | 1.29 | 12.28 | 849 |
| હિંગ | 0.97 | 10.49 | 986 |
| કુલ | 544 | 2,075 | 282 |



**છાણમાંથી બનેલા દિવા અને ગૌ ઉત્પાદનોમાંથી બનેલી મીણબત્તી, ધૂપ, સ્વસ્તિક જેવી 300થી વધુ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.**



શકાય કે 2020માં દિવાળીના તહેવારો દરમિયાન ખાદી અને અન્ય ગ્રામોદ્યોગ ચીજો સહિત અનેક સ્થાનિક ચીજોનું વેચાણ અગાઉની દિવાળી કરતાં વધુ રહ્યું. 2019ની દિવાળીની સરખામણીમાં કૃષિ ચીજોના વેચાણમાં 700થી 900 ટકાનો વધારો નોંધાયો હતો. ખાદી ઈન્ડિયાએ ઓક્ટોબર-નવેમ્બર 2020માં દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત આઉટલેટમાં પ્રતિ દિન એક કરોડ રૂપિયાથી વધુનું વેચાણ કર્યું હતું, તો ખાદ્યચીજો અને કપડાનાં વેચાણમાં પણ 10 ગણો વધારો થયો. ગાંધી જયંતી પર આ વર્ષે 2 ઓક્ટોબરનાં રોજ રૂપિયા એક કરોડથી વધુનું વેચાણ થયું હતું.

દેશ વિદેશમાં માત્ર ખાદી જ લોકપ્રિય થઈ છે એવું નથી. હેન્ડલુમ, કૃષિ, સંરક્ષણ, આઈટી, મેડિકલ, ટેક્સટાઈલ, આયર્ન ઓર જેવા



# ભારતની નિકાસ પ્રથમ વાર 100 અબજ ડોલરને પાર

- કોવિડ જેવી વૈશ્વિક મહામારી વચ્ચે વિશ્વભરના વિશ્લેષકોએ વેપાર ઉદ્યોગ પર અસર અંગે ચિંતા વ્યક્ત કરી, ત્યારે ભારત આત્મનિર્ભરતાના માર્ગ પર આગળ વધીને નવા રેકોર્ડ સર્જી રહ્યું છે

- **400** અબજ ડોલરનું લક્ષ્ય મૂક્યું પ્રથમ વાર કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ 2021-22માં


- જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક સમયગાળામાં કુલ નિકાસ 101.89 અબજ ડોલર થઈ. ભારતના ઈતિહાસમાં એવું પ્રથમ વાર બન્યું કે એક ત્રિમાસિક સમયગાળામાં નિકાસ 100 અબજ ડોલર થઈ હોય.

- **197** અબજ ડોલર થઈ ચૂકી છે નિકાસ એપ્રિલથી સપ્ટેમ્બરના છ મહિનામાં

- નાણાંકીય વર્ષ 2020-21ની સરખામણીમાં 56.92 ટકા, 2019-20ની સરખામણીમાં 23.84 ટકા વધારો થયો છે. 2020-21નાં પ્રથમ છ મહિનામા ભારતની નિકાસ 125.61 અબજ ડોલર હતી

**ખેડૂત હિતો માટે પ્રતિબધ્ધ કેન્દ્ર સરકારની નીતિઓને કારણે કોવિડની સ્થિતિમાં પણ કૃષિ પેદાશો અને પ્રોસેસ્ડ ફુડની નિકાસ વધી. એપ્રિલ-ઓગસ્ટ 2020માં 6485 મિલિયન ડોલરની નિકાસ થઈ, જે એપ્રિલ-ઓગસ્ટ 2021માં 7902 મિલિયન ડોલર થઈ હતી**

**એમએસએમઇ સેક્ટરને વિશેષ સુવિધાઓ આપવામાં આવી, જેથી કરોડો લોકોને રોજગારી પૂરી પાડનાર આ સેક્ટર આત્મનિર્ભર ભારતની કરોડરજ્જુ બને**




સેક્ટરમાં પણ ભારતની વધતી જતી નિકાસ આજે 'બ્રાન્ડ ઈન્ડિયા' ગ્લોબલ બની રહી હોવાની સાબિતી પૂરી પાડે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારત અંગે વિશ્વની દ્રષ્ટિ બદલાઈ છે, પહેલાં તેઓ પૂછતાં હતા કે 'ભારત કેમ?' અને હવે કહે છે, 'ભારત કેમ નહી.?' ભારત આ સ્થિતિમાં પહોંચ્યું તેની પાછળનું કારણ એ છે ભારત આપત્તિને અવસરમાં બદલવાની ક્ષમતા ધરાવે છે. કુશળ કારીગરોને કારણે દેશના ઉત્પાદનોની ગુણવત્તા સર્વોચ્ચ હોય છે. સરકારે સ્થાનિક ઉદ્યોગ, ખાસ કરીને એમએસએમઈ સેક્ટરને વિશેષ મહત્વ આપ્યું છે અને 'મેક ઈન ઈન્ડિયા', 'મેડ ફોર ધ વર્લ્ડ' જેવી પહેલ દ્વારા વેપારીઓને મંચ પૂરો પાડ્યો છે.

આનું ઉત્તમ ઉદાહરણ છે ગવર્મેન્ટ ઈ-માર્કેટ પ્લેસ એટલે કે GeM પોર્ટલ. આ પોર્ટલ પર વેચવામાં આવતા તમામ ઉત્પાદનોની સાથે હવે 'કન્ટ્રી ઓફ ઓરિજીન' અને તેમાં વાપરવામાં આવેલું મટિરિયલ કયા દેશમાંથી લેવામાં આવ્યું છે તે જણાવવું ફરજિયાત છે. ગ્રાહક



> એવું નથી કે માત્ર મોટી મોટી ચીજો જ ભારતને આત્મનિર્ભર બનાવશે, ભારતમાં બનેલા કપડાં, હેન્ડીક્રાફ્ટ, ઇલેક્ટ્રોનિક ઉપકરણ, ભારતમાં બનેલા મોબાઇલ દ્વારા આ ગૌરવને વધારવાનું છે. આત્મનિર્ભરતાની પ્રથમ શરત હોય છે પોતાના દેશની ચીજો પર ગર્વ હોવો. પ્રત્યેક દેશવાસી ગર્વ કરે, પ્રત્યેક દેશવાસી જોડાય ત્યારે આત્મનિર્ભર ભારત માત્ર એક આર્થિક અભિયાન ન રહીને એક રાષ્ટ્રીય ભાવના બની જાય છે.
>
> નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

**GeM પોર્ટલ દ્વારા સરકારી ખરીદીમાં સ્વદેશીનો પ્રોત્સાહન. આશરે 1.5 લાખ વણકરો અને 28,000 શિલ્પકાર તેનાં પર રજીસ્ટર્ડ છે.**



જાણી શકે કે તે જે પ્રોડક્ટ ખરીદી રહ્યો છે તે કયાં બની છે અને કયા મટિરિયલમાંથી બની છે તે જાણવા માટે આ નિયમ બનાવવામાં આવ્યો છે. સ્વદેશીને મહત્વ આપવાની આ પહેલ માત્ર ઉદ્યોગો કે બજાર પૂરતી મર્યાદિત નથી. વડાપ્રધાન મોદીએ તેમનાં મનકી બાત કાર્યક્રમમાં સ્થાનિક કુતરાઓની બ્રીડને પ્રોત્સાહન આપવા કરેલા આહવાનને પગલે એનડીઆરએફે તેમની ડોગ સ્કવોડમાં હવે દેશી કુતરાઓને તાલીમ આપવાનું શરૂ કરી દીધું છે. તેમાં સ્ટ્રીટ ડોગને સામેલ કરવામાં આવી રહ્યા છે, જે ઘણાં અસરકારક સાબિત થઈ રહ્યા છે. દેશી જાતના કુતરાઓમાં વધુ જોશ અને સ્ફૂર્તિ છે. એનડીઆરએફના અધિકારીઓનું કહેવું છે કે દેશી બ્રીડના કુતરાઓ શંકાસ્પદ વસ્તુઓને ઓળખવામાં વિદેશી બ્રીડ કરતા આગળ છે. આવી લાખો પ્રેરણાદાયી કહાનીઓ આત્મનિર્ભર ભારતની ઝૂંબેશને જન આંદોલન

# પીએલઆઇ જેવી સ્કીમે

**ઉત્પાદન વધારવા માટે ઉદ્યોગોને અનેક પ્રકારની છૂટ અંગે તમે અગાઉ સાંભળ્યું હશે, પણ કોવિડ દરમિયાન આપત્તિને અવસરમાં પરિવર્તિત કરવા માટે પ્રથમ વાર કેન્દ્ર સરકારે સામાન્ય બજેટમાં ઉત્પાદન સાથે સંકળાયેલા 13 મહત્વનાં સેક્ટર માટે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ (PLI)ની જોગવાઈ કરી છે.** આ સ્કીમ દ્વારા પાંચ વર્ષમાં આશરે 37 લાખ કરોડ રૂપિયાનાં ઉત્પાદનનું લક્ષ્ય અને એક કરોડ વધારાનાં રોજગારનું લક્ષ્ય છે.



## ફુડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રી

**10,900** કરોડ રૂપિયાની જોગવાઈ


**2.50** લાખ રોજગારની તકો



## ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રી

**15,000** કરોડ રૂપિયાની જોગવાઈ

**1.00** લાખ રોજગારની તકો



## આઈટી હાર્ડવેર

**7,350** કરોડ રૂપિયાની જોગવાઈ

**1.80** લાખ રોજગારની તકો



## ટેલિકોમ ઉત્પાદન

**12,195** કરોડ રૂપિયાની જોગવાઈ


**40** હજાર રોજગારની તકો



## એસી-એલઈડી બલ્બ

**6,238** કરોડ રૂપિયાની જોગવાઈ

**04** લાખ રોજગારની તકો



## સોલર પીવી મોડ્યુલ

**4,500** કરોડ રૂપિયાની જોગવાઈ

**1.50** લાખ રોજગારની તકો

બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

### આત્મનિર્ભર ભારત અભિયાનથી આગેકૂચ

ભારતની આત્મનિર્ભરતાની વધુ એક કહાની પીપીઈ કિટ અને એન-95 માસ્કમાં પણ છુપાયેલી છે. કોવિડ મહામારીના પ્રારંભમાં આ બંને ચીજો ભારતમાં ભાગ્યે જ બનતી હતી. પણ વડાપ્રધાન મોદીના આહવાનથી ખાનગી ક્ષેત્રનો સાથ મળ્યો અને આજે ભારત પીપીઈ કિટનું બીજા નંબરનું સૌથી મોટું ઉત્પાદક છે. પહેલાં આપણે એન-95 માસ્ક બીજા દેશો પાસેથી ખરીદતા હતા, પણ આજે વેચીએ છીએ. મોબાઈલના ઉત્પાદનમાં પણ ભારત વિશ્વમાં બીજા ક્રમે આવે છે.

વાસ્તવમાં, કોવિડ સંકટ પછી બદલાઇ ગયેલી નવી દુનિયામાં ભારતે આત્મનિર્ભરતા દ્વારા પોતાનો માર્ગ જાતે બનાવવાનો સંકલ્પ લીધો છે. 12 મે, 2020નાં રોજ વડાપ્રધાને રાષ્ટ્રને સંબોધિત કરતા આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત રૂ. 20.97 લાખ કરોડનાં

# ‘મેક ઇન ઇન્ડિયા-મેક ફોર વર્લ્ડ’ માટે માર્ગ મોકળો કર્યો



### ફાર્માસ્યુટિકલ્સ એપીઆઇ

**6,940**

કરોડ રૂપિયા



### મેડિકલ ઉપકરણ

**3420** કરોડ રૂપિયાની જોગવાઈ

**2.50** લાખ રોજગારની તકો



### ઈલેક્ટ્રોનિક ઉત્પાદન

**40,951**

કરોડ રૂપિયાની જોગવાઈ



### ઓટોમોબાઈલ-ઓટો કોમ્પોનન્ટ

**42,500** કરોડનું નવું રોકાણ

**7.5** લાખ વધારાની રોજગારી

### ડ્રોન અને તેને સંલગ્ન ઉત્પાદન

- કુલ ખર્ચઃ આગામી ત્રણ વર્ષમાં રૂ. 120 કરોડ, 5000 કરોડ રૂપિયાનું અંદાજિત રોકાણ
- બિઝનેસમાં રૂ. 900 કરોડની વૃધ્ધિ. વધુ 10,000 લોકોને રોજગારીની તકો મળશે

### ટેક્સટાઇલ

- કુલ ખર્ચ-આગામી પાંચ વર્ષમાં રૂ. 10,683 કરોડ
- ત્રણ લાખ કરોડથી વધુનો બિઝનેસ. વધુ 7.5 લાખ લોકોને રોજગારીની તકો મળશે

### સ્પેશ્યાલિટી સ્ટીલ

- કુલ ખર્ચ-આગામી પાંચ વર્ષમાં રૂ. 6,322 કરોડ
- ત્રણ લાખ કરોડથી વધુનો બિઝનેસ. 68,000 લોકોને પ્રત્યક્ષ રોજગારીની સાથે 5.25 લાખ નવા રોજગાર

પેકેજની જાહેરાત કરી ત્યારે આ માત્ર એક આંકડો નહોતો, પણ રોડમેપ હતો, જેનાં પર ભારત સરકાર આગળ વધી રહી છે. માત્ર તહેવારોની મોસમમાં જ નહીં, રોજબરોજની ખરીદીમાં પણ તેની ઝલક દેખાવા માંડી છે. આ પેકેજનું લક્ષ્ય ખાસ કરીને કુટીર ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ, મધ્યમ-લઘુ ઉદ્યોગ (એમએસએમઈ) પર હતું, જે કરોડો લોકોની આજીવિકાનું સાધન પણ છે અને ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ પણ.

આર્થિક પેકેજ દેશનાં એ શ્રમિકો અને ખેડૂતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું હતું, જેઓ દરેક ઋતુમાં દેશવાસીઓ માટે રાત-દિવસ મહેનત કરે છે. ભારતની આર્થિક સત્તાને મજબૂત બનાવવા માટે કટિબધ્ધ ઉદ્યોગ જગત માટેની યોજનાઓને પરિણામે આજે ભારતમાં રોકાણ વધી રહ્યું છે. આજે ભારત કૃષિથી માંડીને ખગોળશાસ્ત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટથી માંડીને ડિફેન્સ ટેકનોલોજી, રસીથી માંડીને વર્ચ્યુઅલ રિયાલિટી સુધી,

# એક જિલ્લો-એક ઉત્પાદન દ્વારા આત્મનિર્ભરતા તરફ આગેકૂચ

- આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત માઇક્રો ફુડ ઇન્ડસ્ટ્રી અપગ્રેડેશન સ્કીમ હેઠળ એક વર્ષની અંદર નાના એકમોની સ્થાપનાની દિશામાં અનેક નોંધપાત્ર પહેલ કરવામાં આવી છે.
- ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં અપાર સંભાવનાઓને જોતાં એક જિલ્લો-એક ઉત્પાદન યોજનાની શરૂઆત કરવામાં આવી.
- આ અંતર્ગત ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં કામ કરી રહેલા સ્વ સહાય જૂથોને ઉપકરણોની ખરીદી પર આર્થિક મદદ કરવામાં આવે છે.

**35**

**રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના 707 જિલ્લાઓમાં એક જિલ્લા-એક ઉત્પાદનને મંજૂરી મળી**

- 17 રાજ્યોમાં 54 ઇન્ક્યુબેશન સેન્ટરની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે. આ સેન્ટર્સ દ્વારા નવા ઉદ્યોગસાહસિકોને ભરપૂર મદદ કરવામાં આવે છે.

- નવા ઉદ્યોગસાહસિકોને દરેક પ્રકારની ટેકનિકલ માહિતી પૂરી પાડવા માટે 491 જિલ્લામાં નિષ્ણાતોની નિયુક્તિ કરવામાં આવી છે.
- ઉદ્યોગસાહસિકોને તાલીમ આપવા મટે દોઢ ડઝન રાજ્યમાં 470 જિલ્લા સ્તરીય ટ્રેઇનર્સને રાખવામાં આવ્યા છે, જે સમયાંતરે તેમને તાલીમ આપતા રહેશે.



**એક સમયે આતંકવાદી ઘટનાઓ માટે બદનામ થયેલાં પુલવામાને 'પેન્સિલ વિલેજ' ઉક્ખુને કારણે નવી ઓળખ મળી છે. ભારતની 80 ટકા પેન્સિલ સ્લેટ આ ગામમાં બને છે.**

બાયોટેકનોલોજીથી માંડીને બેટરી ટેકનોલોજી સુધી, દરેક દિશામાં આત્મનિર્ભર અને સશક્ત બનવવા માગે છે. વડાપ્રધાન મોદીનું આત્મનિર્ભર ભારતનું વિઝન પાંચ સ્તંભો પર આધારિત છે, જેમાં તેજીમય અર્થતંત્ર, વિશ્વકક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી આધારિત સિસ્ટમ, દેશની તાકાત બની ગયેલી વૈવિધ્યપૂર્ણ વસતિ અને માગ-પુરવઠાની શ્રૃંખલાના પૂર્ણ ક્ષમતા સાથે ઉપયોગનો સમાવેશ થાય છે.

### એક જિલ્લો-એક ઉત્પાદન દ્વારા લોકલ થઈ રહ્યું છે ગ્લોબલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજના-એક જિલ્લો એક ઉત્પાદને સ્થાનિક પ્રોડક્ટ્સને વૈશ્વિક બનાવવામાં મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું છે. દેશમાં પ્રથમ વાર અનેક ક્લસ્ટરમાંથી કૃષિ નિકાસ થઈ છે. ઉદાહરણ તરીકે, વારાણસીથી તાજા શાકભાજી અને ચંદૌલીથી કાળા ચોખાની પ્રથમ વાર નિકાસ થઈ છે. આનાથી એ વિસ્તારના ખેડૂતોને સીધો લાભ થયો છે. આ ઉપરાંત, દેશના અન્ય ક્લસ્ટર્સ જેમ કે નાગપુરના સંતરા, અનંતપુરના કેળા, લખનઉની કેરીની પણ નિકાસ થઈ છે. ભારતીય કૃષિ ચીજોની આ સફળતામાં પ્રથમ વાર નિકાસ કરાયેલી આ ચીજોએ મહત્વની ભૂમિકા નિભાવી છે. આ એવી ચીજો છે જેને પ્રથમ વાર દેશની બહાર મોકલવામાં આવી અને તેણે પોતાની ગુણવત્તાને કારણે વિદેશી બજારોમાં ધૂમ મચાવી દીધી છે. પ્રથમ વાર મે મહિનામાં 4,000 કિલો ઓર્ગેનિક સાંવા-ચોખા અને જવની ડેન્માર્કમાં નિકાસ કરવામાં આવી. આ જ રીતે, પૂર્વોત્તરની બર્મીઝ દ્રાક્ષ અને ત્રિપુરાથી બે ખેપમાં

# આત્મનિર્ભર ભારત

## કુશળ માનવબળને પ્રોત્સાહન, જેથી સ્વદેશીને બળ મળે

- ઈન્ટીગ્રેટેડ સ્કિલ ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ નાણાંકીય વર્ષ 2010-11થી 2017-18 દરમિયાન ટેક્સટાઈલ સેક્ટરમાં 11.14 લાખ લોકોને તાલીમ આપવામાં આવી હતી અને 8.43 લાખ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી હતી.
- 2023-24 સુધીનાં સમયગાળા માટે ટેક્સટાઈલ સેક્ટરમાં ક્ષમતા નિર્માણ માટે કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું વિસ્તરણ

**24,956**

**વ્યક્તિઓને તાલીમ આપવામાં આવી, 13,633ને તાલીમમાં અને 13,071 વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવામાં આવી.**

- લગભગ 3.3 લાખ લાભાર્થીઓને તાલીમ કાર્યક્રમ માટે વિવિધ અમલીકરણ ભાગીદારોને ફાળવણી
- કુંભાર સશક્તિકરણ યોજનાને પગલે કુંભારો દ્વારા ઉત્પાદન અને આવકમાં ચારથી પાંચ ગણી વૃદ્ધિ, 18,000થી વધુ ઈલેક્ટ્રિક પાવર્ડ ઓટોમેટિક ચાકડા વિતરીત કરી દેવામાં આવ્યા છે.

**સ્વદેશી રમકડાં ઉદ્યોગને નવી ઓળખ આપવા માટે ટોયકાથોન, ટોય ફેર જેવા આયોજન પ્રથમ વાર કરવામાં આવ્યા**

> **શું આપણે સંકલ્પ લઈ શકીએ કે આપણે 2022માં જ્યારે આઝાદીના 75 વર્ષ પૂરા કરી રહ્યા હોય ત્યારે ત્યાં સુધીમાં ભારતમાં નિર્મિત સ્થાનિક ચીજવસ્તુઓ ખરીદવાના આગ્રહી બનીએ. ભારતમાં બનેલી, આપણા દેશવાસીઓ દ્વારા બનેલી, જેમાં આપણા દેશવાસીઓના પરસેવાની સુગંધ હોય, એવી ચીજો ખરીદવાનો આગ્રહ આપણે રાખી શકીએ કે નહીં? હું લાંબા સમય માટે આમ કરવાનું નથી કહેતો, પણ માત્ર 2022 સુધી, આઝાદીના 75 વર્ષ પૂરા થાય ત્યાં સુધી આપણે એવું કરી શકીએ.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

(મે મહિનામાં 1.2 મેટ્રિક ટન અને જુલાઈમાં 1.6 મેટ્રિક ટન) જેકફ્રુટની લંડન નિકાસ કરવામાં આવી. આ જ રીતે, પ્રથમ વાર નાગાલેન્ડથી 200 કિલો તાજા કિંગ મરચાં લંડન મોકલવામાં આવ્યા. કાનપુરના જાંબુએ પ્રથમ વાર વિદેશોમાં ધૂમ મચાવી હતી. જૂન-જુલાઈ 2021માં જાંબુના 10 કન્સાઈનમેન્ટની બ્રિટન, ઓમાન અને સંયુક્ત આરબ અમિરાત નિકાસ કરવામાં આવી. આ જ રીતે, ભાગલપુરથી જરદાળુ કેરીની પ્રથમ વાર લંડનમાં નિકાસ કરવામાં આવી. પ્રથમ વાર કાશ્મીરની મિશ્રી ચેરીને દુબઈ અને હિમાલય પ્રદેશના સફરજનને પ્રથમ વાર બહેરીનના બજારમાં મોકલવામાં આવી. 11 ઓગસ્ટનાં રોજ છત્તીસગઢથી 9 મેટ્રીક ટન સુકા મહુઆની પ્રથમ વાર ફ્રાન્સમાં નિકાસ કરવામાં આવી. વિવિધ દેશોમાં ભારતના ફળો-શાકભાજીની નિકાસને જોતાં કહી શકાય કે ભારતનો ખેડૂત માત્ર દેશ જ નહીં, વિશ્વનું પેટ ભરી રહ્યો છે. માત્ર કૃષિ જ નહીં, સંરક્ષણ સહિતના ઉત્પાદનોમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વોકલ ફોર લોકલના સૂત્ર અંતર્ગત કેન્દ્રીય પોલિસ કલ્યાણ ભંડારમાં હવેથી સ્વદેશી ચીજો જ ઉપલબ્ધ

# 84 દેશોને સંરક્ષણ સામગ્રીની નિકાસ કરે છે

- વર્ષો સુધી ભારતના સૌથી મોટા શસ્ત્ર આયાતકાર તરીકે ઓળખાતું ભારત હવે સંરક્ષણ સામગ્રીના નિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે.
- ભારતની સંરક્ષણ નિકાસ જે વર્ષ 2014-15માં રૂ. 1941 કરોડ હતી, તે 2020-21માં 334 ટકા વધીને રૂ. 8434 કરોડ થઈ છે. ભારત પ્રથમ વાર વિશ્વના ટોચના 25 સંરક્ષણ સામગ્રીના નિકાસકારોમાં સ્થાન પામ્યું છે.
- સેનામાં તેજસ, અર્જુન Mk-1A ટેન્ક, ધનુષ તોપ, આકાશ મિસાઈલ (સપાટી પરથી હવામાં), પિનાકા રોકેટ, આઈએનએસ કલવરી, બુલેટપ્રુફ હેલ્મેટ, નવી પેઢીની બ્રહ્મોસ મિસાઈલ સહિત ઉમદા શ્રેણીના સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનોને પ્રાથમિકતા સાથે આપણે 84 દેશોમાં સંરક્ષણ સામગ્રીની નિકાસ કરી રહ્યા છીએ.




**તામિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં બે ડિફેન્સ કોરિડોર દ્વારા ભારતમાં સંરક્ષણ સામગ્રીના ઉત્પાદનનો નવો માર્ગ તૈયાર**

કરવાની જાહેરાત કરી ચૂક્યા છે, જેથી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સિધ્ધ થાય અને દેશને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય પૂરું થાય.

### ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને ક્રાંતિકારી પહેલ કરી

સ્થાનિક ચીજોને પ્રોત્સાહન આપવા અને દેશમાં જ તેનું ઉત્પાદન થાય તે માટે કેન્દ્ર સરકારે પ્રથમ વાર 13 મહત્વનાં સેક્ટરની ઓળખ કરીને ઉત્પાદન સંબંધિત પ્રોત્સાહન (PLI) યોજનાની શરૂઆત કરી છે. આ એવા સેક્ટર છે જેના માટે ભારતે આયાત પર આધાર રાખવો પડતો હતો. આ વર્ષના બજેટમાં પીએલઆઈ સ્કીમ સાથે સંલગ્ન યોજનાઓ માટે આશરે બે લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ઉત્પાદનના સરેરાશ પાંચ ટકા પ્રોત્સાહન તરીકે આપવામાં આવ્યા છે.

માત્ર પીએલઆઈ સ્કીમ દ્વારા જ દેશમાં આગામી પાંચ વર્ષોમાં 520 અબજ ડોલરનું ઉત્પાદન થવાની ધારણા છે. એક અંદાજ એવો પણ છે કે જે સેક્ટર્સમાં પીએલઆઈ યોજના બનાવવામાં આવી છે, તેમાં હાલ જેટલી કાર્યક્ષમતા છે તેનાથી લગભગ બમણી થઈ જશે. આ સ્કીમને કારણે ઉદ્યોગોને ઉત્પાદન અને નિકાસમાં લાભ થશે, દેશમાં આવક વધવાને કારણે માગ વધારાનો પણ લાભ થશે. એટલે કે બમણો ફાયદો. આ પીએલઆઈ યોજનાથી દેશને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવામાં મદદ મળશે. દેશની કુલ નિકાસમાં 33 ટકાનો વધારો થયો છે. લગભગ 168 અબજ

અમેરિકન ડોલરની નેટવર્થ ધરાવતા ભારતીય યુનિકોર્નની સાથે ભારત સૌથી ઝડપી ગતિથી આગળ વધી રહેલી ઈકો-સિસ્ટમ બની ગયું છે.

### નિકાસ વધવાથી નવી પહેલ

છેલ્લાં 6-7 વર્ષોમાં અલગ અલગ સ્તર પર મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે અનેક સફળ પ્રયાસ કરવામાં આવ્યાં છે. તેનાં આગામી તબક્કામાં લઈ જવામાં કોવિડકાળનો અનુભવ ઘણો સહાયક સાબિત થઈ રહ્યો છે કારણ કે ભારત માટે આ માત્ર એક તક નથી પણ વિશ્વ પ્રત્યે ભારતની જવાબદારી પણ છે. વિશ્વભરમાં એવાં અનેક ઉદાહરણ છે, જ્યાં દેશોએ પોતાની ઉત્પાદન ક્ષમતા વધારીને દેશનાં વિકાસને ગતિ આપી છે. સરકારની યોજના એવી ચીજોને પ્રોત્સાહન આપવાની છે જે વૈશ્વિક સ્પર્ધામાં મજબૂતીથી સામનો કરી શકે અને તેની અલગ ઓળખ ઊભી થઈ શકે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પર ભાર મૂકતા જિલ્લા સ્તરના નિકાસ હબ બનાવવા માટે દરેક સ્તર પર કામ થઈ રહ્યું છે. સુવિધાઓ વધારવા અને અડચણોને દૂર કરવાની પહેલને કારણે એમએસએમઈ, ખેડૂતો, નાના હસ્તકલા કારીગરો વગેરેને પણ નિકાસ માટે મદદ મળશે.

### આ રીતે બનો વોકલ ફોર લોકલ

ભારત વિવિધતાઓથી ભરેલો દેશ છે. દેશમાં અનેક ભાષાઓ, અનેક બોલીઓ, અલગ અલગ ખાણી-પીણી છે. પણ ભારત એક છે. ભારત એટલે કરોડો સામાન્ય માણસની મહેનત, આકાંક્ષાઓ અને અપેક્ષાઓની સામૂહિક શક્તિ. ભારત એટલે રાજ્ય અનેક, રાષ્ટ્ર એક. સમાજ અનેક, ભાવ એક. પંથ અનેક લક્ષ્ય એક. રિવાજ અનેક, મૂલ્ય એક. ભાષાઓ અનેક, અભિવ્યક્તિ એક. રંગ અનેક, તિરંગો એક. એક વાક્યમાં કહીએ તો, ભારતમાં રસ્તા ભલે અલગ અલગ છે પણ ગંતવ્ય એક જ છે અને તે છે એક ભારત, શ્રેષ્ઠ ભારત. વોકલ ફોર લોકલ માટે દ્રઢનિશ્ચયી થવાનો મતલબ એ છે કે દેશનો દરેક નાગરિક પોતાની એક યાદી તૈયાર કરે અને રોજબરોજમાં ઉપયોગમા લેવાતી ચીજવસ્તુઓની સમીક્ષા કરે કે કઈ વિદેશી વસ્તુઓનો તે રોજ ઉપયોગ કરે છે અથવા તો તેની આદત પડી ગઈ છે. એ પછી, ભારતમાં ઉપલબ્ધ એ ચીજોનાં વિકલ્પો શોધો અને નક્કી કરો કે હવેથી ભારતમાં બનેલી એ ચીજોનો ઉપયોગ દૈનિક જીવનમાં કરીશ, જેમાં ભારતવાસીની મહેનતની મહેક હોય. લોકો સ્થાનિક ચીજોનો વપરાશ કરતા થશે તો જ વોકલ ફોર લોકલની આ ભાવના મજબૂત થશે.

સ્વાભાવિક છે કે બનારસી સાડીમાં બનારસના વણકરોની કુશળતા દેખાય. હળદર, મસાલા, કેરી, સફરજન, મખાના કે અન્ય કૃષિ ઉત્પાદનમાં જે તે શહેર કે રાજ્યની ખાસિયત છે. ઉત્તરપ્રદેશની કેરી, કાશ્મીરી કેસર, આંધ્રપ્રદેશનાં મરચાં, તામિલનાડુની હળદર પ્રસિધ્ધ છે. લોકલમાંથી ગ્લોબલ થઈ રહેલી ભારતીય ચીજોએ દેશની જનતાને દેશમાં બનેલી ચીજોનો જ ઉપયોગ કરવાનો સંકેત આપ્યો છે. તેનો હેતુ અર્થતંત્રને મજબૂત કરવાનો અને તેને આત્મનિર્ભર બનાવવાનો છે. કોવિડ મહામારીના ઓછાયામાંથી બહાર આવી રહેલા લોકોમાં દિવાળીનો ઉત્સાહ અને ઉમંગ દેખાઈ રહ્યો છે. વેપારીઓ પણ સારો વેપાર થવાની આશા રાખી રહ્યા છે. બજારોમાં વિદેશી સામાનની જગ્યાએ ભારતીય સામાનની રોનક દેખાઈ રહી છે. વોકલ ફોર લોકલની ઝુંબેશથી દેશના બજારોમાં ભારતીય સામાનની ચમક છે, જે વિશ્વને સ્પષ્ટ સંદેશ આપી રહ્યો છે કે, "ભારતની કહાની આજે મજબૂત છે, કાલે પણ મજબૂત રહેશે." •

## GI ટેગને કારણે સ્થાનિક ચીજોને નવી ઓળખ મળી



GI ટેગ એટલે કે જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ. આ એક પ્રકારનું લેબલ હોય છે, જેમાં કોઇ વસ્તુને વિશેષ ભૌગોલિક ઓળખ આપવામાં આવે છે. આ ટેગ એવી ચીજોને આપવામાં આવે છે, જેની વિશેષતા કે પ્રતિષ્ઠા મુખ્યત્વે કુદરત અને માનવીય પરિબળો પર આધાર રાખે છે. દેશમાં સૌ પ્રથમ જીઆઇ ટેગ દાર્જીલિંગ ચાને મળ્યો હતો. આજે, લગભગ 325 ચીજોને જીઆઇ ટેગ મળ્યો છે. જીઆઇ ટેગનું મહત્વ એ રીતે પણ સમજી શકાય કે જીયોગ્રાફિકલ જીઆઇ રજીસ્ટ્રીએ પાંચ જિલ્લાને બનારસી સાડી માટેનું કાનૂની પ્રમાણપત્ર આપ્યું છે. આ પાંચ જિલ્લા સિવાય બીજી જગ્યાએ બનેલી સાડીને બનારસી સાડી ન કહી શકાય. મશીનની સાડીને જીઆઇ ટેગ નથી આપવામાં આવ્યું. છેલ્લાં સાત વર્ષોમાં ભારતમાંથી જીઆઇ પ્રોડક્ટ્સની ઘણી નિકાસ થઈ છે. ખાસ વાત એ છે કે હાલમં આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલને જીઆઇ સાથે જોડવામાં આવ્યાં છે. એટલાં માટે તમામ વિભાગો તેનાં પર ફોકસ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં જીઆઇ ટેગને ટ્રેડમાર્ક તરીકે જોવામાં આવે છે. તેનાથી ટુરિઝમ અને નિકાસને પ્રોત્સાહન મળે છે. સાથે સાથે, સ્થાનિક લોકોની આવક પણ વધે છે.






# 20 વર્ષથી દરેક દિવાળી દેશના જવાનો સાથે

**કોઈ પણ રાષ્ટ્રનો વિકાસ ત્યારે જ થઈ શકે જ્યારે તેનું નેતૃત્વ સક્ષમ હોય અને મજબૂત નિર્ણયો લેતું હોય. દરેક કામ દેશને નામ હોય તેવી ભાવના સાથે થાય ત્યારે જ વિકાસ શક્ય છે. વર્તમાન ભારતનું નેતૃત્વ કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ભાવનાથી કામ કરે છે. તેમનાં જીવનનું ધ્યેય છે- રાષ્ટ્ર સર્વોપરિની સાથે જનશક્તિ અને ભારતની ભક્તિ. લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારોના વડા તરીકે 20 વર્ષ પૂરાં કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા સાર્વજનિક પ્રતિબધ્ધતાને જ પોતાનો પરિવાર માન્યો છે. તહેવારોના પ્રસંગે તેમનાં જીવનની આ વિશેષતાનો ઉલ્લેખ કરવો જરૂરી છે કારણે ગુજરાતના મુખ્યમંત્રીથી માંડીને દેશના વડાપ્રધાન સુધીની 20 વર્ષની સફર સુધી તેઓ દરેક દિવાળી દેશના જવાનો સાથે મનાવતા આવ્યા છે.**

તેમની સરકારનો એક જ ધર્મ છે-ઈન્ડિયા ફર્સ્ટ, એક જ પુસ્તક છે-બંધારણ, એક જ ભક્તિ છે-ભારત ભક્તિ, એક જ શક્તિ છે-જન શક્તિ, એક જ સંસ્કાર છે-130 કરોડથી વધુ ભારતીયોની સલામતી અને એક જ મંત્ર છે- 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ.' સુશાસનના આ મંત્રને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના જીવનનું અભિન્ન અંગ બનાવી ચૂક્યા છે. બાળપણમાં જ લશ્કરમાં ભર્તી થવાની ઈચ્છા કોઈ કારણસર ભલે પૂરી ન થઈ શકી હોય પણ આ ઈચ્છાશક્તિનાં પરિણામે જ વડાપ્રધાન લશ્કરને સશક્ત કરીને વિશ્વભરમાં ભારતને શક્તિશાળી બનાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. એટલાં માટે જ તેઓ ગુજરાતના મુખ્યમંત્રીથી માંડીને દેશના વડાપ્રધાન તરીકે દરેક દિવાળી દેશના જવાનો સાથે મનાવતા આવ્યા છે. લશ્કરને સશક્ત બનાવવાથી માંડીને ગરીબ કલ્યાણ અને અંત્યોદયને સમર્પિત તેમની 20 વર્ષની આ યાત્રા ભારતને નવું સ્વરૂપ આપી રહી છે. તેમની દ્રઢ ઈચ્છાશક્તિ અને સમયથી આગળ રહેવાની દ્રષ્ટિએ અશક્યને શક્ય કરી બતાવ્યું છે. તેમણે 7 ઓક્ટોબર, 2001નાં રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને ત્યારથી શરૂ થયેલી વિકાસ અને સુશાસનની યાત્રા આજ સુધી અવિરત ચાલુ છે. આ 20 વર્ષોમાં તેમણે સાબિત કરી બતાવ્યું છે કે રાષ્ટ્ર પ્રથમની તેમની દીર્ઘદ્રષ્ટિ અને તેનાં માટે કરવામાં આવતી મહેનતનો કોઈ પર્યાય નથી. દેશમાં 70 વર્ષથી ચાલી રહેલી સમસ્યાઓનો ઉકેલ હોય કે પછી સ્વતંત્રતાના ફળથી વંચિતોને સામાજિક ન્યાય અપાવીને તેમનું સશક્તિકરણ કરવાનું હોય, દરેક સમસ્યાનો ઉકેલ લાવવા એક વ્યવસ્થા તૈયાર કરીને દેશને નવી દિશા આપી છે.

## વડાપ્રધાન બન્યા પછી તેમણે કઇ રીતે અને ક્યાં દિવાળી મનાવી તેનાં પર એક નજરઃ

> “બધાંની જેમ હું પણ મારા પરિવાર સાથે દિવાળી ઉજવવાની ઇચ્છા ધરાવું છું. તેથી તમારી વચ્ચે (સલામતી દળના જવાનો) આવું છું, કારણ કે તમને જ મારો પરિવાર માનું છું. તમારી વચ્ચે આવીને સમય પસાર કરું છું ત્યારે મને નવી ઊર્જા મળે છે. હું સૈનિકો પાસે ન જઉં ત્યાં સુધી મારી દિવાળી પૂરી નથી થતી.”
>
> **નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



### 14 નવેમ્બર, 2020

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જવાનો સાથે દિવાળી મનાવવાની પંરપરાને નિભાવતા ભારતની અગ્રીમ સરહદી  ચોકી લોંગેવાલામાં જવાનો સાથે દિવાળી મનાવી અને તેમની સાથે વાતચીત કરી. અહીં તેમણે જણાવ્યું કે, તેમની દિવાળી ત્યાં સુધી પૂરી નથી થતી, જ્યાં સુધી તેઓ જવાનો સાથે ના હોય. પછી એ બરફથી ઢંકાયેલા પહાડ હોય કે રેગિસ્તાન.

સલામતીનો સંદેશ આપ્યોઃ **વડાપ્રધાને કહ્યું કે આજના સમયમાં એ જ રાષ્ટ્ર સલામત છે, જેની પાસે હૂમલાખોરો અને ઘુસણખોરોનો સામનો કરવાની ક્ષમતા હોય. તેમણે કહ્યું કે, આજે ભલે આંતરરાષ્ટ્રીય સહયોગ અને ભાગીદારીમાં મોટું પરિવર્તન આવ્યું હોય પણ આપણે એ ન ભૂલવું જોઇએ કે સતર્કતા એ સલામતીની ચાવી છે. પ્રસન્નતા સજગતા પર આધાર રાખે છે અને સશક્ત હોવાનો આભાસ વિજય માટેનો આત્મવિશ્વાસ છે.**



### 27 ઓક્ટોબર, 2019

જમ્મુ કાશમીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પર જવાનો સાથે



### 7 નવેમ્બર 2018

કેદારનાથ ધામમાં પૂજા કરી અને ઉત્તરાખંડના હર્શિલમાં ભારતીય લશ્કર અને આઇટીબીપીના જવાનો સાથે દિવાળી મનાવી.




“

दुनिया की नज़र में प्रधानमंत्री और मुख्यमंत्री होना बहुत बड़ी बात हो सकती है **लेकिन मेरी नज़र में ये लोगों की सेवा करने का माध्यम है**






## 19 ઓક્ટોબર, 2017

**જમ્મુ કાશ્મીરની ગુરેજ ખીણમાં નિયંત્રણ રેખાની નજીક સરહદ અને બીએસએફના જવાનો સાથે દિવાળી મનાવી**



## 30 ઓક્ટોબર, 2016

**હિમાચલના કિન્નૌરમાં ભારત-ચીન સરહદ પાસે સુમડોમાં સેના, આઈટીબીપીના જવાનો અને સામાન્ય લોકો સાથે દિવાળી મનાવી**



## 11 નવેમ્બર, 2015

**પંજાબમાં 1965ના યુધ્ધ સ્મારકો ડોગરાઈ, બરકી યુધ્ધની મુલાકાત લીધી, લશ્કરના અધિકારીઓ અને જવાનો સાથે દિવાળી મનાવી**



## 23 ઓક્ટોબર, 2014

**પ્રથમ દિવાળી 12,000 ફુટની ઊંચાઈ પર સિયાચીનના બેઝ કેમ્પમાં સશસ્ત્ર સેનાના જવાનો અને અધિકારીઓ સાથે** •

# અવકાશ ક્ષેત્રમાં ભારતની ઝડપી ઉડાન

**ભારતે વર્ષ 2014 પહેલાં દર વર્ષે સરેરાશ 2.15 અવકાશ યાન મિશન પૂરા કર્યા હતા, જ્યારે છેલ્લાં સાત વર્ષોમાં વિક્રમ સર્જીને પ્રતિ વર્ષ સરેરશ 5.35 અવકાશ યાન મિશન પૂરા કર્યા છે. આ સૂચવે છે કે ભારત પ્રગતિશીલ અવકાશ સુધારા, કાર્યક્રમો અને મિશનો દ્વારા અવકાશ ક્ષેત્રની મહાસત્તાઓની હરોળમાં આવી ગયું છે. ભારતે છેલ્લાં કેટલાંક વર્ષોમાં અવકાશ ક્ષેત્રમાં અનેક સફળતા હાંસલ કરી છે. જેમ કે, મંગલયાન દ્વારા પોતાના પ્રથમ જ પ્રયત્નમાં મંગળની કક્ષામાં પ્રવેશ કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ હતો. ભારતે 34 દેશો માટે 342 ઉપગ્રહો લોન્ચ કર્યા છે....**



"આપણા માટે અવકાશ ક્ષેત્રનો મતલબ છે સામાન્ય માણસ માટે સારુ મેપિંગ, ઈમેજિંગ અને કનેક્ટિવિટીની સુવિધા. આપણા માટે અવકાશ ક્ષેત્ર એટલે આંત્રપ્રિન્યોર્સ માટે શિપમેન્ટથી માંડીને ડિલિવરી સુધી વધુ સ્પીડ." અવકાશ અને ઉપગ્રહ કંપનીઓના ટોચના ઉદ્યોગ સંગઠન ઇન્ડિયન સ્પેસ એસોસિએશન (ISPA) ના શુભારંભ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો અવકાશ ક્ષેત્રમાં ભારતની મહત્વાકાંક્ષા સૂચવે છે. આ ક્ષેત્ર હવામાનની ચોક્કસ આગાહી, વધુ સલામતી અને ખેડૂતો અને માછીમારોની આવક વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ક્ષેત્ર આપણને પર્યાવરણનું વધુ સારું મોનિટરીંગ કરવામાં, કુદરતી આપત્તિઓની સચોટ આગાહી કરવામાં અને લાખો લોકોનાં જીવનની રક્ષા કરવામાં મદદ કરે છે. સ્પેસ ટેકનોલોજી અંતરિયાળ વિસ્તારોમાં કુદરતી આપત્તિઓમાં તથા આરોગ્ય સેવા, શિક્ષણ અને સલામતીમાં મદદ કરે છે. દેશમાં અગાઉ આવી નિર્ણાયક સરકાર અગાઉ ક્યારેય નહોતી. એટલાં માટે જ આપણે કાર્યક્ષમ અને કિફાયતી રીતે અવકાશ સંશોધનને મજબૂત કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ અને સ્ટાર્ટઅપને તેમની ભાગીદારી વધારવા જીયોસ્પેશિયલ મેપ સુધારા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છીએ.●

### અવકાશ ક્ષેત્રે સુધારાનો અભિગમ 4 સ્તંભ પર આધારિત

- ખાનગી ક્ષેત્રને ઈનોવેશનની આઝાદી
- સરકારની 'ઈનેબલર' તરીકેની ભૂમિકા
- ભવિષ્ય માટે યુવાનોને તૈયાર કરવા
- પ્રગતિના સંસાધનના રૂપમાં અવકાશ ક્ષેત્ર

### ભારત એક સ્પેસ સુપર પાવર

- ઈસરોના PSLV-C45એ એક જ ઉડાનમાં ત્રણ અલગ અલગ ભ્રમણકક્ષાઓના મિશનને પાર પાડ્યું
- હાઈ સ્પીડ દૂરસંદેશાવ્યવહાર સુવિધાઓ વધારવા માટે ભારતે અત્યંત આધુનિક ઉપગ્રહ જીસેટ-11 અને જીસેટ-29ને લોંચ કર્યા છે.
- ઈસરોએ એક જ ઉડાનમાં 104 ઉપગ્રહોને લોંચ કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
- IRNSS-1 Gની સાથે ભારત પાસે હવે પોતાની ઉપગ્રહ નેવિગેશન સિસ્ટમ NaviC છે.

**"હવે 21મી સદીમાં વિશ્વને જોડવામાં, સંયુક્ત રાખવામાં અવકાશ ક્ષેત્ર મહત્વની ભૂમિકા ભજવશે. ભારતે આ સુનિશ્ચિત કરવું પડશે**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**







કેબિનેટના નિર્ણયો

# સ્વદેશીથી સશક્તિકરણ

**વિશ્વકક્ષાની માળખાગત સુવિધાઓ ઊભી કરવા માટે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં સાત મેગા ટેક્સટાઇલ પાર્ક બનાવવા મંજૂરી આપવામાં આવી હતી. આનાથી નિકાસને વેગ મળશે. આ ઉપરાંત કેબિનેટે રેલવે કર્મચારીઓને ઉત્પાદકતા આધારિત બોનસ, સ્વચ્છ ભારત મિશન-શહેરી ચાલુ રાખવાને મંજૂરી આપી હતી. ખેડૂતોને સસ્તા ભાવમાં ખાતર પુરું પાડવા સહિતનાં લેવાયેલા નિર્ણયો અને તેની અસર પર એક નજરઃ**

- નિર્ણયઃ **ટેક્સટાઇલ સેક્ટરને મજબૂત બનાવવા માટે ઐતિહાસિક નિર્ણય લેતાં કેબિનેટે સાત મેગા ઇન્ટીગ્રેટેડ ટેક્સટાઇલ રીજન એન્ડ એપેરેલ (MITRA) પાર્કને મંજૂરી આપી હતી.**
- **અસરઃ** પાંચ વર્ષમાં રૂ. 4,445 કરોડનાં ખર્ચે સાત મિત્ર પાર્ક સ્થાપવામાં આવશે. રસ ધરાવતા વિવિધ રાજ્યોમાં ગ્રીનફીલ્ડ/ બ્રાઉનફીલ્ડ સાઇટ પર જાહેર-ખાનગી ભાગીદારીના મોડલ પર મિત્ર પાર્ક સ્થાપવામાં આવશે. તેનાથી ભારતીય કંપનીઓને વૈશ્વિક ચેમ્પિયન તરીકે ઊભરવામાં મદદ મળશે.
- વિકાસ માટે તમામ ગ્રીનફીલ્ડને રૂ. 500 કરોડ અને બ્રાઉનફીલ્ડ મિત્ર પાર્કને રૂ. 200 કરોડની સહાય કરવામાં આવશે.
- ઉત્પાદન એકમોને સ્પર્ધા માટે પ્રોત્સાહન મળે તે માટે તમામ મિત્ર પાર્કને રૂ. 300 કરોડની સહાય કરવામાં આવશે.
- સાત લાખ પ્રત્યક્ષ અને 14 લાખ અપ્રત્યક્ષ રોજગારીનું સર્જન થશે.
- આ સ્કીમ વડાપ્રધાનના 5 F વિઝન- ફાર્મ ટુ ફાઈબર, ફાઈબર ટુ ફેક્ટરી, ફેક્ટરી ટુ ફેશન, ફેશન ટુ ફોરેન- પર આધારિત છે, જેનાથી વિવિધ સેક્ટરને લાભ થશે.
- એક જ સ્થળે કાપડ ઉત્પાદન માટે કાંતણ, વણાટ, પ્રોસેસિંગ, કલરકામ અને છપાઈની સુવિધા મળશે.
- સંપૂર્ણ ટેક્સટાઈલ વેલ્યુચેઈન એક સ્થળ પર હોવાથી લોજિસ્ટીક્સની જરૂર ઓછી પડશે

- નિર્ણયઃ **કેન્દ્રીય મંત્રીમંડળે તમામ પાત્ર નોન-ગેઝેટેડ રેલવે કર્મચારીઓ (RPF/RPSF કર્મચારીઓને બાદ કરતાં) માટે નાણાંકીય વર્ષ 2020-21 માટે 78 દિવસનાં પગારની સમકક્ષ ઉત્પાદકતા (PLB) આધારિત બોનસ ને મંજૂરી આપી છે.**
- **અસરઃ** રેલવે ભારત સરકારનું પ્રથમ વિભાગીય એકમ હતું, જેમાં આ પ્રકારના બોનસની જોગવાઈ કરવામાં આવી હતી. આ વર્ષે કામગીરી સુધારવા માટે ઉત્પાદકતા આધારિત બોનસ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી રેલવે




## કેબિનેટના નિર્ણયો

# કેન્દ્રીય મંત્રીમંડળના અન્ય મહત્વપૂર્ણ નિર્ણયો અને તેની અસર

**સ્વચ્છ ભારત મિશન-શહેરીને 2025-26 સુધી ચાલુ રાખવાની મંજૂરીઃ** સ્વચ્છ ભારત મિશન 2.0 માટે રૂ. 1,41,600 કરોડની નાણાંકીય જોગવાઇ કરવામાં આવી છે, જે મિશનના પ્રથમ તબક્કા કરતા અઢી ગણા વધુ છે. આમાં, એક લાખથી ઓછી વસતિ ધરાવતા તમામ શહેરોમાં મળ નિકાલ વ્યવસ્થા સહિત ખુલ્લામાં શૌચમાંથી મુક્તિનો સમાવેશ થાય છે. આનાથી સીવર અને સેપ્ટીક ટેન્કોમાં જોખમી પદાર્થોનું વહન રોકી શકાશે, જળસ્ત્રોતોમાં ટ્રીટમેન્ટ વગરના નકામા પાણીને પ્રવાહિત કરવા પર પ્રતિબંધ રહેશે જેથી તમામ શહેરોને કમસેકમ થ્રી-સ્ટાર ગાર્બેજ ફ્રી સર્ટિફિકેટ મળી શકશે.



**અમૃત 2.0ને 2025-26 માટે મંજૂરીઃ**
શહેરી પરિવારોની પીવાના પાણીનો પુરવઠો અને સફાઈની સેવાઓ પૂરી પાડવી એ રાષ્ટ્રીય પ્રાથમિકતા છે. તેથી, AMRUT 2.0 માટેનું કુલ નોમિનલ આઉટલે રૂ. 2,77,000 કરોડ રાખવામાં આવ્યું છે. અમૃત 2.0નો હેતુ તમામ 4,378 નગરોમાં દરેક ઘરમાં નળ જોડાણ દ્વારા પાણી પુરવઠાનું સાર્વત્રિક કવરેજ હાંસલ કરવાનો છે. 500 અમૃત શહેરોમાં સ્થાનિક ગટર/સેપ્ટેજ મેનેજમેન્ટનું 100 ટકા કવરેજ હાંસલ કરવાનું લક્ષ્ય છે. મિશનનું લક્ષ્ય 2.68 કરોડ નળ જોડાણ અને 2.64 કરોડ ગટર/સેપ્ટેજ કનેક્શન પૂરું પાડવાનું છે જેથી અપેક્ષિત પરિણામ હાંસલ કરી શકાય.

કર્મચારીઓના બેન્ક ખાતાઓમાં આશરે રૂ. 2,000 કરોડનું ડિજિટલ ટ્રાન્સફર કરવામાં આવશે.

- રેલવે કર્મચારીઓને 78 દિવસના વેતનની સમકક્ષ બોનસની ચૂકવણી કરવામાં આવશે.
- દરેક કર્મચારીને અંદાજિત રૂ. 17,951ની ચૂકવણી
- રેન્ક મેઈન્ટેનર, ડ્રાઈવર, ટેકનિશિયન હેલ્પર સહિતનાં 11.56 લાખ કર્મચારીઓને તેનો લાભ મળશે.
- નિર્ણયઃ **સૈનિક સ્કુલ સોસાયટી સાથે સરકારી અને ખાનગી ક્ષેત્રની 100 શાળાઓના જોડાણ માટે મંજૂરી મળતાં ધોરણ-6માં 5,000 વિદ્યાર્થીઓના એડમિશન માટે માર્ગ મોકળો.**
- **અસરઃ** રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં લક્ષ્ય હાંસલ કરવા તરફ આગળ વધતાં સરકારે એવા શિક્ષણ મોડલ પર ભાર મૂક્યો છે જે વિદ્યાર્થીઓમાં દેશભક્તિ, અસરકારક નેતાગીરી, શિસ્ત અને રાષ્ટ્ર પ્રત્યે ફરજની ભાવના જગાવે અને પોતાની સંસ્કૃતિ અને વારસા પ્રત્યે ગૌરવ જન્માવે. દેશમાં નવી સૈનિક સ્કુલ ખોલવા માટેની માગણી લાંબા સમયથી થઈ રહી હતી. તેથી દેશભરમાં કાર્યરત 33 સૈનિક સ્કુલના વહીવટી અનુભવનો લાભ લેવા માટે 100 નવી જોડાણવાળી સૈનિક સ્કુલ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- સૈનિક સ્કુલના વાતાવરણમાં અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓની વધતી આકાંક્ષાઓને પૂરી કરવા માટે નવી ક્ષમતાઓનો વિકાસ થશે.
- શૈક્ષણિક વર્ષ 20222-23ના પ્રારંભથી આશરે 5,000 વિદ્યાર્થીઓ ધોરણ-6માં આવી 100 સંલગ્ન સ્કુલમાં એડમિશન લે તેવી સંભાવના છે. હાલમાં કાર્યરત 33 સૈનિક સ્કુલમાં ધોરણ-6માં આશરે 3,000 વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા છે.
- આ શાળાઓના વિદ્યાર્થી જીવનની જરૂરી કુશળતાઓથી સજ્જ હશે, જેને પગલે તેઓ પોતપોતાના ક્ષેત્રમાં સારો દેખાવ કરી શકશે.
- નિર્ણયઃ **કેબિનેટે વર્ષ 2021-22 (1 ઓક્ટોબર, 2021થી 31 માર્ચ, 2022) માટે ફોસ્ફેટિક અને પોટેસિક (P&K) ખાતર માટે પોષકતત્વો આધારિત સબસિડી (NBS)ને મંજૂરી આપી છે.**
- **અસરઃ** આ અંતર્ગત રવી પાક 2021-22 માટે રૂ. 28,655 કરોડની સબસિડી આપવામાં આવશે. આ રવી મોસમ દરમિયાન ખેડૂતોને રાહત/કિફાયતી દરે તમામ P&K ખાતર સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે અને વર્તમાન સબસિડીના સ્તરને ચાલુ રાખી શકાશે. આ ઉપરાંત, કૃષિ ક્ષેત્ર માટે DAP અને ટોચના ત્રણ NPK ગ્રેડ માટે વધારાની સબસિડીનું વિશેષ પેકેજ પૂરું પાડવામાં આવશે.



# સ્વચ્છતા અભિયાન હવે શહેરોની કાયાપલટ કરશે

**ભારતના મોટાં ભાગનાં શહેરો આગવો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે. આવા ઐતિહાસિક શહેરોમાં ગંદકી અને કચરો, પાણી કે રસ્તાની સમસ્યા હોય તે કઈ રીતે ચાલે? આ પ્રશ્ન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂછ્યો હતો. પ્રોજેક્ટના અમલીકરણમાં વિલંબ મોટી સમસ્યા હતી, જે મોટી યોજનાઓને લોકો સુધી પહોંચવા નથી દેતી. આ સમસ્યા નિવારવા માટે વડાપ્રધાને એક વિઝન રજૂ કર્યું- AMRUT (અટલ મિશન ફોર રીજુવીનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્શન) અને સ્વચ્છ ભારત મિશન. એટલે કે અમૃત દ્વારા શહેરોની કાયાપલટ કરવી અને સ્વચ્છ ભારત મિશન દ્વારા ગંદકીમાંથી મુક્ત કરાવવાં. 2015માં અમૃત પ્રોજેક્ટનો પ્રારંભ થયો હતો અને હવે અમૃત 2.0 અંતર્ગત 10.5 કરોડથી વધુ શહેરી વસતિના જીવનમાં પરિવર્તન લાવવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્વચ્છ ભારત અભિયાન દ્વારા મહાત્મા ગાંધીએ ચિંધેલા માર્ગે આગળ વધીને ભારતમાં સ્વચ્છ ભારત 2.0 અંતર્ગત શહેરોમાં ઊભા થતાં કચરાના પહાડોને નાબૂદ કરવામાં આવશે...**

ભારતને ખુલ્લામાં શૌચથી મુક્ત બનાવવા માટે શરૂ કરવામાં આવેલું સ્વચ્છ ભારત મિશન જન આંદોલન બન્યું હતું અને હવે અટલ નવીનીકરણ અને શહેરીકરણ મિશન (અમૃત) દ્વારા શહેરોમાં ઇઝ ઓફ લિવિંગની દિશામાં સુધારા થયા છે. હવે સ્વચ્છ ભારતની સાથે સાથે ગુણવત્તાપૂર્વક જીવન જીવવા માટે શહેરોમાં સુવિધાઓનું વિસ્તરણ કરવાનો સમય છે. ઓક્ટોબરમાં સ્વચ્છ ભારત મિશન શહેરી 2.0 અને અમૃત યોજના 2.0 નો પ્રારંભ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, “આપણે ત્યાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે, કર્મના માર્ગે ચાલતા ચાલતા તમે બેસી જશો તો તમારી સફળતા પણ અટકી જશે. તમે ઊભા થઈ જશો તો સફળતા પણ ઊભી થઈ જશે. તમે આગળ વધશો તો સફળતા પણ આગળ વધશે. અને એટલાં માટે, આપણે સતત આગળ વધવાનું છે. ‘ચરૈવેતિ ચરૈવિતિ’ના મંત્ર સથે તમે પણ નીકળી પડો અને પોતાનાં શહેરને આ તમામ સમસ્યાઓમાંથી મુક્તિ







“સારા જીવનની અપેક્ષામાં ગામડાંમાંથી અનેક લોકો શહેરોમાં આવે છે. તેમનું જીવનધોરણ ગામડાં કરતાં પણ વધુ ખરાબ સ્થિતિમાં હોય છે. તેમનાં માટે આ બેવડા ફટકા સમાન હોય છે. એક તો ઘરથી દૂર રહેવાનું અને બીજું અગવડતામાં રહેવાનું. આ સ્થિતિ બદલવા અને અસમાનતાને દૂર કરવા પર બાબા સાહેબે ભાર મૂક્યો હતો. સ્વચ્છ ભારત મિશન અને મિશન અમૃતના આગામી તબક્કાઓ બાબા સાહેબના સપનાઓને પૂરાં કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં છે.”

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

અપાવવાનું બીડું ઝડપો. આપણે એવું ભારત બનાવવાનું છે જે સ્વચ્છ હોય, સમૃધ્ધ હોય અને વિશ્વને સારા જીવન માટે દિશાનિર્દેશ કરે.” વડાપ્રધાનના દ્રષ્ટિકોણ પ્રમાણે, સ્વચ્છ ભારત મિશન શહેરી 2.O અને અમૃત યોજના 2.O ને એવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યા છે કે દેશનાં તમામ શહેરોને કચરામુક્ત અને ‘જળ સુરક્ષિત’ બનાવવાની આકાંક્ષાઓને સાકાર કરી શકાય. આ બંને મિશન ભારતમાં ઝડપથી શહેરીકરણના પડકારોનો અસરકારક ઉકેલ લાવવાની દિશામાં એક ડગલું આગળ વધવાના સંકેત આપે છે અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) 2030ના લક્ષ્યાંકોને હાંસલ કરવામાં આ બંને મિશન મદદ કરશે.

## સ્વચ્છ ભારત મિશન શહેરી 2.0 એટલે કચરામુક્ત શહેર

**પહેલાં**

### મિશનથી જન આંદોલન બનવાની શરૂઆત

- વર્ષ 2014માં દેશે એક સંકલ્પ લીધો હતો કે 2019માં મહાત્મા ગાંધીની 150મી જયંતી પર તેમને ખુલ્લામાં શૌચથી મુક્ત ભારત ભેટમાં આપવું
- દેશે આ સંકલ્પ લીધો અને સ્વચ્છતાએ જન આંદોલનનું સ્વરૂપ બનાવી દીધું અને 10 કરોડથી વધુ શૌચાલયોના નિર્માણને કારણે ભારતનાં દરેક પરિવારના આશરે રૂ. 53,000ની બચત થઈ. 2015થી 2020 દરમિયાન વિશ્વભરમાં ખુલ્લામાં શૌચમુક્તિની દિશામાં સૌથી મહત્વનું યોગદાન ભારતનું જ છે.

**70** લાખથી વધુ ઘરોમાં તથા સામુદાયિક અને જાહેર શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે

**3300** થી વધુ શહેરોમાં 65,000થી વધુ જાહેર શૌચાયલો બનાવવામાં આવ્યાં છે.

**3000** થી વધુ શહેરો અને 950થી વધુ શહેરોને અનુક્રમે ઓડીઓફ+ અને ઓડીએફ++ તરીકે પ્રમાણિત કરવામાં આવ્યા છે.

- સ્વચ્છતા રેન્કિંગમાં આગળ આવવા માટે શહેરોમાં હોડ લાગી ગઈ. બાપુનું 100 વર્ષથી જૂનું સપનું આ દેશે સાકાર કર્યું. સ્વચ્છ ભારત મિશન અહીં પૂરતું મર્યાદિત નહોતું, પણ ખુલ્લામાં શૌચથી મુક્તિ બાદ સાર્વજનિક શૌચાલય અને પછી વેસ્ટ મેનેજમેન્ટની દિશામાં કામ થયું.
- ભારતમાં વેસ્ટ પ્રોસેસિંગ 2014માં 18 ટકાથી વધીને હવે 70 ટકા થઈ ગયું છે. 97 ટકા વોર્ડમાં 100 ટકા ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન અને 85 ટકા વોર્ડમાં નાગરિકો દ્વારા કરવામાં આવી રહેલા વેસ્ટ સોર્સ સેગ્રીગેશનની મદદ મળી હતી.

# મિશન અમૃત 2.0

## પહેલાં

### સુવિધાઓની નવી શરૂઆત

- અટલ નવીનીકરણ અને શહેરી પરિવર્તન મિશન (અમૃત) 25 જૂન, 2015નાં રોજ 500 શહેરોથી શરૂ કરવામાં આવ્યું, જેમાં 60 ટકા શહેરી વસતિને આવરીને રાષ્ટ્રીય જલ મિશન પર ધ્યાન કેન્દ્રીત કરાયું
- એક લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોને મિશનમાં આવરી લેવામાં આવ્યા છે. મિશનનું મુખ્ય ફોકસ શહેરોમાં પાઇપ દ્વારા પાણી પુરવઠો અને ગટરના પાણીના નિકાસ પર છે. સારી ડ્રેનેજ સિસ્ટમ, નોન-મોટરાઇઝ્ડ અર્બન ટ્રાન્સપોર્ટ, હરિયાળી અને બગીચાઓ આ મિશનનો નાનો હિસ્સો છે.
- મિશન માટે રૂ. 50,000 કરોડનાં કેન્દ્ર સરકારના ફાળા સહિત રૂ. એક લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે. મિશન હેઠળ આશરે રૂ. 55,000 કરોડથી વધુના કામ પૂરા થઈ ચૂક્યા છે.
- મિશન અને સંબંધિત અન્ય યોજનાઓને સામેલ કરી લઈએ તો ઘરમાં પાણી પહોંચાડવા એક કરોડથી વધુ નળ જોડાણ અને 78 લાખ સીવર / સેપ્ટેજ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. 1,240 એમએલડીની ક્ષમતા ધરાવતા એસટીપી તૈયાર કરી દેવામાં આવ્યા છે, જેમાં ટ્રીટમેન્ટ ધરાવતા પાણીમાંથી 907 એમએલડીનો પુનઃઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- આ ઉપરાંત, આ મિશન હેઠળ પાણી ભરાવાની સમસ્યાનો ઉકેલ, હરિયાળીમાં વધારો, નોન-મોટરાઇઝ્ડ અર્બન ટ્રાન્સપોર્ટ જેવા કામો પણ કરવામાં આવ્યા. શહેરી ક્ષેત્ર માટે અમૃત અનોખી ક્રાંતિ છે. તેમાં, શહેરોમાં ઇ-ગવર્નન્સ, ઊર્જાનો બચત કરતી લાઇટનું ઇન્સ્ટોલેશન અને વોટર પમ્પ્સના એનર્જી ઓડિટનો સમાવેશ થાય છે.
- અમૃત અંતર્ગત વિવિધ પહેલને કારણે આશરે 85 લાખ ટન કાર્બન ફુટપ્રિન્ટનો ઘટાડો થયો છે. અમદાવાદ, અમરાવતી, ભોપાલ, ગાઝીયાબાદ, હૈદરાબાદ, ઇન્દોર, લખનઉ, પૂણે, સુરત અને વિશાખાપટ્ટનમ મ્યુનિસિપલ કોર્પોરેશને મ્યુનિસિપલ બોન્ડ જારી કરીને રૂ. 3,840 કરોડનું ભંડોળ એકત્ર કર્યું છે.



## હવે

### કચરાના ઢગલાંમાંથી શહેરો મુક્ત થશે

- 3.5 લાખથી વધુ વ્યક્તિગત, સામુદાયિક અને જાહેર શૌચાલયોનું નિર્માણ કરવામાં આવશે. સ્વચ્છ ભારત મિશન શહેરી 2.0 દ્વારા એક લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરોમાં સંપૂર્ણપણે કચરાનું એકત્રીકરણ કરવામાં આવશે.
- આ ઉપરાંત તેમાં AMRUT અંતર્ગત ન આવતા હોય તેવા શહેરોમાં દૂષિત પાણીનાં મેનેજમેન્ટની કામગીરી પણ કરવામાં આવશે. આ ઉપરાંત, આ અંતર્ગત તમામ શહેરોનાં સ્થાનિક એકમોને ઓડીએફ+ અને એક લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરોને ઓડીએફ++ તરીકે તૈયાર કરવાની યોજના છે, જેથી શહેરી ક્ષેત્રોમાં સ્વચ્છતાના લક્ષ્યોને પૂરા કરી શકાય.



**100%**

**ઘન કચરાના નિકાલની સાથે કચરાના સ્રોતમાંથી જ તેનાં સેગ્રીગેશન પર ધ્યાન આપવામાં આવશે.**



**સિંગલ યુઝ પ્લાસ્ટિકને તબક્કાવાર રીતે નાબૂદ કરવા અને બાંધકામ-તોડફોડ જેવી કામગીરીમાંથી નીકળનારા કચરાનાં પ્રોસેસિંગની સુવિધાઓની શરૂઆત કરવામાં આવી રહી છે.**

- વાયુ પ્રદૂષણને ઘટાડવાની દિશામાં પાંચ લાખની વસતિ ધરાવતા શહેરોમાં વિશેષ મશીનો દ્વારા સફાઈ માટે કર્મચારીઓને કામે લગાડવામાં આવી રહ્યા છે. સ્વચ્છતા અને વેસ્ટ મેનેજમેન્ટ સાથે સંકળાયેલા કર્મચારીઓના કૌશલ્ય વિકાસની સાથે સાથે વ્યક્તિગત સલામતીના ઉપકરણો પર વિશષ ધ્યાન આપવામાં આવશે.
- 1 લાખ 41 હજાર કરોડ રૂપિયાથી વધુનું આ મિશન ઘન કચરાના સોર્સ સેગ્રીગેશન માટે 3R ના સિદ્ધાંત પર કામ કરશે. આ ત્રણ R રિડ્યુસ (ઘટાડો), રીયૂઝ (પુનઃઉપયોગ) અને રિસાઈકલ છે, જેનાં અંતર્ગત ઘન કચરાના અસરકારક નિકાલ માટે શહેરી ઘન કચરાનાં સાયન્ટીફીક પ્રોસેસિંગ અને ડમ્પસાઇટના સુધારા પર ભાર મૂકવામાં આવશે.

# સીવેજ-સેપ્ટિક મેનેજમેન્ટની સાથે જળ સુરક્ષિત શહેર

હવે

## જળ સુરક્ષિત ભવિષ્ય આપણો હેતુ

- અમૃત 2.0નું લક્ષ્ય 4,700 નગર/શહેરોને જળ સુરક્ષિત બનાવવાનો છે. તે પાણીની જરૂરિયાતોને પૂરી કરવા, જળસ્રોતનું નવસંચાર કરવા, જળાશયોનું સારી રીતે સંચાલન કરવા, નકામાં પાણીનું ટ્રીટમેન્ટ કરીને પુનઃઉપયોગ કરવાનું કામ કરીને પાણીની સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપશે.
- અમૃત 2.0નો હેતુ શહેરોમાં 2.68 કરોડ નળ જોડાણ પૂરાં પાડીને આશરે 4,700 સુધરાઈ એકમોનાં તમામ ઘરોમાં પાણી પહોંચાડીને 100 ટકા કવરેજ પુરું પાડવાનો છે.
- તેમાં એક લાખથી વધુની વસતિ ધરાવતા અમૃત અંતર્ગત આવરી લેવામાં આવેલા 500 શહેરોથી માંડીને તમામ 4372 શહેરો સુધી 100 ટકા શહેરી ભારતને કવર કરવાનો સમાવેશ થાય છે. આ અભિયાનનો હેતુ સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપીને આત્મનિર્ભર ભારતને વેગ આપવાનો છે. તેનાથી 'ગેગ ઈકોનોમી'ને પ્રોત્સાહન મળશે અને તેમાં યુવાનો અને મહિલાઓને જોડવામાં આવશે.
- આ અંતર્ગત સર્ક્યુલર ઈકોનોમીના સિધ્ધાંતને અપનાવવામાં આવશે. તેનાથી સપાટી અને ભૂગર્ભ જળસ્ત્રોતોનાં સંચય અને નવસંચારને પ્રોત્સાહન મળશે. આ મિશન આધુનિક અને વૈશ્વિક ટેકનોલોજી તથા કુશળતાનો ઉપયોગ કરીને ડેટા આધારિત ગવર્નન્સને પ્રોત્સાહન આપશે. શહેરોમાં પ્રગતિશીલ હરીફાઈને પ્રોત્સાહન આપવા માટે 'પે વોટર સર્વે' હાથ ધરવામાં આવશે. અમૃત 2.0નું કદ આશરે રૂ. 2.87 લાખ કરોડ છે. ●




**500**

**અમૃત શહેરોમાં સીવરેઝ અને સેપ્ટેજનું 100 ટકા કવરેજ પ્રદાન કરશે, જેનાથી લગભગ 10.6 કરોડ લોકોને લાભ થશે. સતત તાજા પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જળસ્રોતોનો નવસંચાર અને શહેરી જળાશયોનું મેનેજમેન્ટ હાથ ધરવામાં આવશે.**



**ટ્રીટમેન્ટ કરેલા પાણીનાં રિસાઈકલિંગ અને પુનઃવપરાશને કારણે શહેરોની પાણીની કુલ જરૂરિયાતના 20 ટકા અને ઔદ્યોગિક માગના 40 ટકા સંતોષી શકાશે. કુદરતી સંસાધનોને સાતત્યપૂર્ણ બનાવવા માટે ઝૂંબેશ હેઠળ ચોખ્ખા જળાશયોને પ્રદૂષિત થતા બચાવવામાં આવશે.**





# દેશમાં જળ સલામતી હશે તો ભવિષ્ય સુરક્ષિત રહેશે

**આઝાદીના 72 વર્ષ પછી પણ દેશમાં 19 કરોડ ગ્રામીણ ઘરોમાં માત્ર 3.23 કરોડ ઘરોમાં જ નળથી જળ પહોંચતું હતું. ઓગસ્ટ, 2019માં જલ જીવન મિશનની જાહેરાત બાદ અત્યાર સુધી માત્ર 25 મહિનાઓમાં પાંચ કરોડથી વધુ પરિવારોને તેમનાં ઘરોમાં નળના પાણીનું જોડાણ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. આજે દેશના 80 જિલ્લાઓમાં આશરે 1.25 લાખ ગામડાંમાં દરેક ઘરમાં નળથી જળ પહોંચી રહ્યું છે. એટલે કે છેલ્લાં સાત દાયકામાં જે કામ થયું હતું તેનાંથી પણ વધુ કામ વર્તમાન સરકારે માત્ર બે વર્ષમાં કરી બતાવ્યું. સમાજના છેવાડાના માણસ સુધી સુવિધાઓ પહોંચાડવાના દ્રષ્ટિકોણનું આ ઉત્તમ ઉદાહરણ છે. હવે જલ જીવન મિશન એપ અને રાષ્ટ્રીય જલ જીવન ભંડોળ દ્વારા જળ સુરક્ષિત દેશની દિશામાં એક ડગલું આગળ ભર્યું છે...**


ઉત્તરપ્રદેશનાં બાંદાનો સમાવેશ એવા જિલ્લાઓમાં થાય છે જેનું નામ એક સમયે પીવાના પાણીની સમસ્યા ધરાવતા જિલ્લાઓમાં લેવાતું હતું. અહીંના ઉમરી ગામમાં જલ જીવન મિશનની શરૂઆત થઈ ત્યારે લોકોને વિશ્વાસ ન બેઠો કે તેમનાં ઘર સુધી નળમાંથી પાણી આવશે. પણ હવે ગામના એક એક ઘરમાં પાણીનું જોડાણ આવતા લોકોનાં જીવનમાં પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના સંવાદમાં અહીંની પાણી સમિતિના અધ્યક્ષ ગિરજાકાંત તિવારીએ કહ્યું, અગાઉ પાણી લેવા માટે દૂર સુધી હેન્ડ પંપ સુધી જનારી મહિલાઓ હવે બીજા કામો પર વધુ ધ્યાન આપી શકે છે. શુધ્ધ પાણીને કારણે પાણીજન્ય રોગો નાબૂદ થઈ ગયા છે. ગુજરાતના પિપળી ગામ અને તામિલનાડુના વેલ્લેરી ગામનો પણ આવો જ અનુભવ છે. 21મી સદીના પ્રારંભમાં ગુજરાતમાં ભૂકંપને પગલે ભારે નુકસાન થયું. 20,000થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો. આવામાં પાણીની સમસ્યા પણ હતી. દર વર્ષે અહીં જળસ્તર ત્રણથી પાંચ ફુટ નીચે જતું હતું. દુકાળનો માર, દૂષિત પાણી અને તેનાથી થતી બિમારીઓ. એ વખતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સુજલામ સુફલામ યોજના દ્વારા નવી શરૂઆત કરી. તેમણે વિશ્વનું સૌથી મોટું નહેરોનું નેટવર્ક બનાવ્યું, જે 21 નદીઓને જોડતું હતું. પાણી સમિતીઓ

> **"જેમને ત્યાં ભરપૂર પાણી ઉપલબ્ધ છે તેમને હું કહીશ કે તમારે પાણી બચાવવા માટે વધુ પ્રયાસ કરવા જોઇએ અને આ માટે લોકોએ તેમની ટેવ બદલવાની જરૂર છે."**
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

**જલ જીવન મિશનના 'હર ઘર જલ' અભિયાન અંતર્ગત તેલંગાણા, ગોવા, હરિયાણા અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશો- પુડુચેરી, આંદામાન નિકાબોર, દાદરા નગર હવેલી અને દીવ-દમણમાં 100 ટકા પાણીનાં જોડાણ આપવામાં આવ્યા છે.**



# જલ જીવન મિશન એપ આવી રીતે કામ કરશે



## જલ જીવન કોષ

રાષ્ટ્રીય જલ જીવન મિશન કોષ ભારત અથવા વિદેશમાં વ્યક્તિઓ, સંસ્થાઓ, નિગમો અથવા પરોપકારી લોકોને ગામડાંમાં ઘર, શાળા, આંગણવાડી, આશ્રમશાળા સહિતની જાહેર સંસ્થાઓમાં નળ દ્વારા પાણી પહોંચાડવા માટે ભંડોળ પૂરું પાડશે. જળ શક્તિ મંત્રાલય અંતર્ગત પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલા રજીસ્ટર્ડ જાહેર ધર્માદા ટ્રસ્ટ તરીકે તેને લોંચ કરવામાં આવ્યું છે.

- લોકોની સુવિધા માટે એપમાં જલ જીવન મિશન સંબંધિત તમામ માહિતી એક જ જગ્યાએ આપવામાં આવી છે. જલ જીવન મિશનમાં થઈ રહેલી પ્રગતિ, પાણીની ગુણવત્તાની તપાસ અને દેખરેખ, પાણી પુરવઠા યોજનાની વિગતો આ એપ દ્વારા જોઈ શકાય છે.
- દરેક રાજ્ય, દરેક જિલ્લો અને દરેક ગામની પ્રગતિ પણ આ એપ દ્વારા જોઈ શકાય છે. ગ્રામ પંચાયત, પાણી સમિતિના સભ્યો અને પાણીની ગુણવત્તાની તપાસ માટે નિર્દિષ્ટ મહિલાઓનાં નામ પણ તેમાં જોઈ શકાય છે.
- એપ દ્વારા જિલ્લા પુરવઠા અંગેની ફરિયાદો અને દાન પણ કરી શકાય છે. આ એપમાં પ્રાદેશિક એન્જિનિયર અને પાણી સમિતિ 'લોગ ઈન' કરીને ગામનાં જળ સ્ત્રોત અને પાણીની ટાંકીનું જીયો. ટેગિંગ કરી શકાય છે અને 'હર ઘર જલ'નું પ્રમાણપત્ર જારી કરી શકાય છે. આ એપને jjm.gov. in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

બનાવીને તેનું નેતૃત્વ મહિલાઓને સોંપવામાં આવ્યું. લાખો ચેકડેમ અને સુક્ષ્મ સિંચાઈ જેવા પ્રોજેક્ટ્સ અપનાવવાને કારણે ગુજરાતનો વિકાસ દર 10 ટકા સુધી પહોંચી ગયો. ગુજરાતમાં થયેલી આ અભૂતપુર્વ શરૂઆતની જરૂર સમગ્ર દેશને હતી. 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું વડપણ સંભાળ્યું ત્યારે તેમણે દેશમાં પણ આ મોડલ અપનાવ્યું. અટલ ભૂ જલ મિશન, નમામિ ગંગે, પાણીલક્ષી પ્રોજેક્ટ્સ માટે વિશેષ જળશક્તિ મંત્રાલય જેવી અનેક પહેલને કારણે દેશને નવી દિશા મળી. 15 ઓગસ્ટ, 2019નાં રોજ વધુ એક નવી શરૂઆત થઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી 2024 સુધી દેશના દરેક ગ્રામીણ ઘરમાં નળથી જળ પહોંચાડવા માટે જલ જીવન મિશનની શરૂઆત કરી. જલ જીવન મિશન અંતર્ગત દરિયાના પાણીનો ઉપયોગ કરીને તેને પીવાલાયક બનાવવા માટે સંસાધન એકત્ર કરવામાં આવે છે. ગંદા પાણીને સ્વચ્છ કરવામાં આવે છે. વધારેમાં વધારે પાણી બચાવવા માટે ઓછા પાણીની જરૂર પડે તેવાં પાક વાવવા પર ભાર મૂકવામાં આવે છે. આ ઉપરાંત, બાળકો સહિત તમામ લોકોને પાણીનાં મહત્વ અંગે શિક્ષીત કરવામાં આવે છે. જલ જીવન મિશન અંતર્ગત વરસાદના પાણીને બચાવીને તેનો સાચો ઉપયોગ કરવા માટેની પધ્ધતિ શીખવાડવામાં આવે છે. વડાપ્રધાને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને જળ સંરક્ષણ માટે પ્રોત્સાહિત કરી અને દરેક ગામમાં પાણી સમિતીઓ બનાવવામાં આવી, જેનું કામ વરસાદી પાણીનો સંગ્રહ કરીને તેનો યોગ્ય ઉપયોગ કરવાનું અને દેખરેખ કરવાનું હતું. ઓગસ્ટ, 2019માં જલ જીવન મિશનની જાહેરાત બાદ માત્ર 25 મહિનાઓમાં પાંચ કરોડથી વધુ પરિવારોના ઘરમાં નળથી જળનું જોડાણ પૂરું પાડવામાં આવ્યું છે. આજે દેશના 80 જિલ્લાઓના આશરે સવા લાખ ગામોમાં દરેક ઘરમાં નળમાંથી જળ પૂરું પાડવામાં આવી રહ્યું છે. 2 ઓક્ટોબરનાં રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતી પ્રસંગે પાણી સમિતીઓ અને ગ્રામ પંચાયતો સાથે સંવાદ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જલ જીવન મિશન એપ અને જલ જીવન કોષ (રાષ્ટ્રીય જલ કોષ)ની શરૂઆત કરી. વડાપ્રધાને કહ્યું, "ગાંધીજી કહેતા હતા કે 'ગ્રામ સ્વરાજ'નો વાસ્તવિક અર્થ આત્મબળથી પરિપૂર્ણ થવું છે. એટલાં મારો સતત પ્રયાસ રહ્યો છે કે ગ્રામ સ્વરાજનો આ વિચાર સિધ્ધિઓ તરફ આગળ વધે." જલ જીવન મિશનનું વિઝન માત્ર લોકો સુધી પાણી પહોંચાડવા પૂરતું સીમિત નથી. આ વિકેન્દ્રીકરણની બહુ મોટી ચળવળ છે. તેનો મુખ્ય આધાર જન આંદોલન અને જન ભાગીદારી છે અને તેથી જે કામ આઝાદી પછીના સાત દાયકાઓમાં ન થઈ શક્યું, તે માત્ર 25 મહિનામાં જ શક્ય બન્યું છે.



# દરેક કામ દેશને નામ

## પીએમને મળેલી ભેટોની નીલામીમાં નીરજ ચોપડાનો ભાલો રૂ. 1.5 કરોડમાં વેચાયોઃ સરદાર પટેલની મૂર્તિ માટે સૌથી વધુ બોલી બોલાઈ

**કોરોના જેવી મહામારી સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ કેર્સ ફન્ડમાં દાન આપવા માટે દેશની જનતાને અપીલ કરી તો તમામ દેશવાસીઓએ યથાશક્તિ પ્રમાણે દાન આપ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પોતાના વેતનમાંથી ભેગી કરેલી રૂ. 2.25 લાખની રકમ આ ફન્ડમાં દાન આપી છે. પીએમ નરેન્દ્ર મોદીએ લોક કલ્યાણ માટે ભંડોળ દાનમાં આપ્યું હોય એવું પ્રથમ વાર નથી બન્યું. ગુજરાતના મુખ્યમંત્રી અને પછી વડાપ્રધાનપદ દરમિયાન મળેલા વેતનમાંથી બચાવેલી રકમ અને તેમને મળેલી ભેટોની નીલામીમાંથી મળેલા રૂ. 100 કરોડથી વધુ રકમ તેઓ સમાજની ભલાઈ માટે દાનમાં આપી ચૂક્યા છે. સિઓલ શાંતિ પુરસ્કાર પેટે મળેલા રૂ. 3.4 કરોડના ભંડોળને પણ તેમણે ગંગાના સફાઇ અભિયાન માટે શરૂ કરવામાં આવેલા નમામિ ગંગે મહાઅભિયાનમાં દાનમાં આપ્યા હતા. હવે વધુ એક વાર વડાપ્રધાને તેમને મળેલી ભેટો અને સ્મૃતિચિહ્નોની નીલામી કરીને નમામિ ગંગે મિશનમાં દાનમાં આપીને ઉમદા દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે..**

ગંગા નદી માત્ર હિન્દુ સંસ્કૃતિ જ નહીં, સમગ્ર ભારત માટે ગૌરવ અને આસ્થાનું પ્રતીક છે. વર્ષો સુધી માત્ર કાગળો પૂરતી સીમિત રહેલી મા ગંગા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વાર પહેલ કરતા નમામિ ગંગે જેવા મહાઅભિયાનની શરૂઆત કરી, એટલું જ નહીં પણ તેનાં માટે અલગથી સંપૂર્ણ જવાબદારી નક્કી કરવામાં આવી. તેઓ પોતે સમયાંતરે તેનું મોનિટરીંગ કરે છે. વડાપ્રધાને તેમને મળેલી 1348 ભેટોની નીલામી કરીને મળેલી રકમ નમામિ ગંગે મિશનમાં દાનમાં આપી છે.

# પેરાલિમ્પિક અને ઓલિમ્પિક ખેલાડીઓની ભેટ ખરીદવાનો ક્રેઝ

આ નીલામીમાં રૂ. 1.5 કરોડની સૌથી ઊંચી બોલી નીરજ ચોપડાના ભાલા પર બોલાઈ હતી. આ ભાલો નીરજ ચોપડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભેટમાં આપ્યો હતો. નીરજ ચોપડાએ આ ભાલાથી ઓલિમ્પિકમાં ઇતિહાસ રચ્યો હતો અને સુવર્ણચંદ્રક મેળવ્યો હતો. એ જ રીતે, ભવાની દેવીના હસ્તાક્ષર ધરાવતી તલવાર ( રૂ. 1.25 કરોડ), સુમિત અંટિલનો ભાલો ( રૂ. એક કરોડ), ટોક્યો 2020 પેરાલિમ્પિકના ભારતીય ખેલાડીઓના હસ્તાક્ષર ધરાવતા અંગવસ્ત્ર (રૂ. એક કરોડ) અને લવલીન બોર્ગોહેનના મુક્કબાજીના ગ્લોવ્ઝ ( રૂ. 91 લાખ) પર બોલી લગાવવામાં આવી. ટોક્યો 2020 પેરાલિમ્પિક રમતોત્સવમાં સુવર્ણચંદ્રક વિજેતા સુમિત અંતિલ અને ટોક્યો 2020 ઓલિમ્પિકમાં નીરજ ચોપડાના ભાલાની સૌથી વધુ બેઝ પ્રાઇસ હતી. આ દરેક ચીજની બેઝ પ્રાઇસ રૂ. એક કરોડ રાખવામાં આવી હતી, જ્યારે સૌથી ઓછી 200 રૂપિયા કિંમત ડેકોરેટિવ હાથીની રાખવામાં આવી હતી. ટોક્યો પેરાલિમ્પિક 2020માં સુવર્ણચંદ્રક જીતનાર હાજીપુરના પ્રમોદ ભગતના રેકેટને રૂ. 80 લાખની બેઝ પ્રાઇસ સાથે નીલામીમાં મૂકવામાં આવ્યું હતું. ભેટોની આ નીલામીમાં સૌથી વધુ 140 બોલી સરદાર વલ્લભભાઈ પટેલની મૂર્તિ પર લગાવવામાં આવી હતી. સુમિત અંતિલનો ભાલો, પેરાલિમ્પિક ખેલાડીઓના હસ્તાક્ષર કરેલા અંગવસ્ત્ર, પેરાલિમ્પિક ખેલાડી કૃષ્ણા નાગરનું બેડમિન્ટન અને પીવી સિંધુએ વડાપ્રધાનને આપેલું રેકેટ અને કિટ બેગ પર પણ ઘણી બોલી લાગી. આ ઈ-નિલામીને જનતાના મળેલા ઉત્સાહનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે આ ચીજવસ્તુઓ માટે 8600થી વધુ બોલી લગાવવામાં આવી હતી.



## પુત્ર બનીને મા ગંગાની સેવા કરી

એવું પ્રથમ વાર નથી બન્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોક કલ્યાણ માટે આર્થિક મદદ કરી હોય. વડાપ્રધાન અગાઉ પણ અલગ-અલગ પુરસ્કારો પેટે મળેલી રકમ પણ દાનમાં આપી ચૂક્યા છે. લોક કલ્યાણ માટેનાં કામો માટે તેઓ અત્યાર સુધી કુલ રૂ. 103 કરોડ દાનમાં આપી ચૂક્યા છે. ગંગા નદીને બચાવવા માટે આજે અનેક પ્રયાસ થઈ રહ્યાં છે. આ અભિયાનમાં તેમનાં નેતૃત્વનો લાભ સરકારી સ્તરે તો મળી જ રહ્યો છે, વ્યક્તિગત રીતે પણ તેઓ એક પુત્ર બનીને મા ગંગાની સેવામાં જોડાયેલા છે. તેમણે 1348 ભેટની ઈ-નિલામી કરાવી જેથી તેમાંથી મળનારી રકમનો ઉપયોગ ગંગા નદીના સંરક્ષણ માટે કરી શકાય. ગંગા કોઈ સાધારણ નથી. આ એવી શક્તિશાળી નદી છે, જે ઉત્તરાખંડના ગૌમુખ ખાતેના ઉદગમથી માંડીને પશ્ચિમ બંગાળમાં સમુદ્રમાં મળી જવા સુધીના પ્રવાહમાં દેશની અડધી વસતિનાં જીવન સમૃધ્ધ બનાવે છે. ઈ-નિલામીનો ત્રીજો તબક્કો 17 સપ્ટેમ્બરથી 7 ઓક્ટોબર, 2021 સુધી ચાલ્યો અને કરોડોમાં બોલી લાગી. કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળેલી ભેટો અને સ્મૃતિચિહ્નોની ઈ-નિલામીનું આયોજન કર્યું હતું. વેબપોર્ટલ www. pmmementos.gov.in પર આ નિલામી થઈ હતી.

## 1348 મોમેન્ટોઝ માટે 8600થી વધુ બિડ

- સ્મૃતિચિહ્ન નેશનલ મોડર્ન આર્ટ ગેલેરી, નવી દિલ્હી ખાતે પ્રદર્શિત કરવામાં આવ્યા.
- નીલામીની મુખ્ય વિશેષતાઓ ટોક્યો 2020 પેરાલિમ્પિક ગેમ્સ અને ટોક્યો 2020 ઓલિમ્પિક રમતોત્સવના વિજેતાઓ દ્વારા વડાપ્રધાનને ભેટમાં આપવામાં આવેલાં સ્પોર્ટ્સગિયર અને ઉપકરણો હતાં.
- આ વખતની ઈ-નિલામીમાં ટોક્યો 2020 પેરાલિમ્પિક રમત અને ટોક્યો 2020 ઓલિમ્પિક રમતોત્સવ સંબંધિત સ્મૃતિ ચિહ્નો, અયોધ્યાનું રામ મંદિર, વારાણસીનું રૂદ્રાક્ષ ઓડિટોરિયમનાં મોડલ તથા અન્ય કિંમતી અને રસપ્રદ વસ્તુઓ આકર્ષણનાં કેન્દ્ર રહ્યાં.
- ડેકોરેટિવ ગદા, સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ, ચરખો અને ઘંટીની બેઝ પ્રાઇસ કરતા ઘણી ઊંચી રકમની બોલી લગાવવામાં આવી.
- સરદાર પટેલની પ્રતિમા માટે સૌથી વધુ 140 બોલીઓ લગાવવામાં આવી.
- લાકડીમાંથી બનેલા ગણપતિ (117 બોલી), પૂણે મેટ્રો લાઇનનું સ્મૃતિચિહ્ન (104 બોલી) અને વિજય જ્યોતિનું સ્મતિચિહ્ન પર બોલી લગાવવામાં આવી.
- 200 રૂપિયાની કિંમતનો નાનકડો હાથી લોકોને ઘણો ગમ્યો.

# વતન માટે જીવનું બલિદાન આપનારા
# સ્વતંત્રતા સંગ્રામના સિપાહી

**ભારતમાં દરેક સમયે, દરેક ખૂણામાં અનેક નામી-અનામી સ્વતંત્રતાસેનાનીઓ જન્મ્યા છે જેમણે રાષ્ટ્રનાં ઘડતરમાં મોટું યોગદાન આપ્યું છે. આઝાદીના 75 વર્ષ પૂરા થાય ત્યારે આવા વીરોનો ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ અને ઉપલબ્ધિઓનો ઉત્સવ મનાવવા માટે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. અમૃત મહોત્સવનું આ વર્ષ લોકોને સંયુક્ત કરવાની પહેલની સાથે સાથે નવી ઊર્જા અને નવી ચેતનાનું સંચાર પણ કરી રહ્યું છે...**



ભારતે સદીઓ સુધી માતૃભૂમિ, સંસ્કૃતિ અને આઝાદી માટે સંઘર્ષ કર્યો છે. આ દેશ સદીઓ સુધી ગુલામી સામે લડ્યો.. હાર-જીત તો થતી રહી પણ માતૃભૂમિ માટે લડવાની આકાંક્ષા ક્યારેય ખતમ ન થઈ. ભારત માતાની આઝાદીના લડવૈયાઓએ સામ્રાજ્યવાદના વિરોધમાં સશસ્ત્ર સંઘર્ષનું એલાન કર્યું અને 1913માં ભારતની આઝાદીની માગ સાથે ગદર પાર્ટી નામના રાજકીય પક્ષની સ્થાપના કરી . લાલા હરદયાલની પ્રેરણાથી સ્થપાયેલા આ પક્ષની સ્થાપના કેનેડા અને અમેરિકામાં પ્રવાસી ભારતીયોએ કરી હતી, જેના સંસ્થાપક અધ્યક્ષ સરદાર સોહનસિંહ ભાકના હતા. આ સંગઠને ભારતને અનેક મહાન ક્રાંતિકારીઓ આપ્યા, જેમણે ગુલામીની ચુંગાલમાં ફસાયેલા દેશને આઝાદી અપાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. આપણી તાકાત આપણી એકતા છે, આપણી પ્રાણશક્તિ 'રાષ્ટ્ર પ્રથમ-સદૈવ પ્રથમ'ની ભાવના છે. આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં એવા ઈતિહાસપુરુષોની કહાની જેઓ આપણાં માટે પ્રેરણાસ્ત્રોત છે. આવા ક્રાંતિકારીઓએ ચીંધેલા માર્ગ પર ચાલીને દેશ સતત પ્રગતિના પથ પર આગળ જઈ રહ્યો છે અને એક નવો ઈતિહાસ લખી રહ્યો છે.

> **"દેશના યુવાનોએ નિર્ધાર કર્યો છે કે વીતેલા 75 વર્ષમાં જેની ચર્ચા પણ નથી થઇ તેવા સ્વતંત્રતાસેનાનીઓના ઇતિહાસને દેશ સમક્ષ લાવવો. બધાંને મારી વિનંતી છે, શિક્ષણજગત સાથે સંકળાયેલા લોકોને મારી વિનંતી છે કે તમે પણ યુવાનોને પ્રેરિત કરો. તમે પણ આગળ આવો. મને ચોક્કસ વિશ્વાસ છે કે આઝાદીના અમૃત મહોત્સવમાં ઇતિહાસ લખવાનું કામ કરનારા લોકો ઇતિહાસ બનાવનારા પણ છે."**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# દેશભક્તિની મશાલ પ્રજ્વલિત કરવા માટે બિપીનચંદ્ર પાલે ક્રાંતિનો સહારો લીધો



જન્મઃ 7 નવેમ્બર, 1858 | મૃત્યુઃ 20 મે, 1932

**બિપીનચંદ્ર પાલે સ્વદેશી, ગરીબી નાબૂદી અને શિક્ષણનાં ક્ષેત્રમાં ઘણું કામ કર્યું. પોતાના જીવનકાળમાં તેમણે અનેક અખબારોનું પ્રકાશન કર્યું**

ભારતીય સ્વતંત્રતા આંદોલનની રૂપરેખા તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા નિભાવનારા લાલ-બાલ-પાલની ત્રિપુટીમાંના એક બિપીનચંદ્ર પાલ રાષ્ટ્રવાદી નેતા હોવાની સાથે સાથે શિક્ષક, પત્રકાર, લેખક અને કુશળ વક્તા પણ હતા. તેમને ભારતમાં ક્રાંતિકારી વિચારોના જનક પણ માનવામાં આવે છે. 7 નવેમ્બર, 1858નાં રોજ બાંગલાદેશના સિલ્હેટ જિલ્લાના પોઈલી ગામમાં જન્મેલા બિપીનચંદ્ર પાલ બાળપણથી જ ક્રાંતિકારી અને સાહસિક વ્યક્તિ હતા. એમ માનવામાં આવે છે કે બ્રહ્મસમાજમાં હતા ત્યારે તેઓ કેશવચંદ્ર અને શિવનાથ શાસ્ત્રીની ઘણી નજીક આવ્યા. બિપીનચંદ્ર પાલ 1886માં કોંગ્રેસમાં સામેલ થયા. અંગ્રેજોએ 1905માં બંગાળના ભાગલા પાડ્યા ત્યારે લાલા લાજપત રાય, બાળ ગંગાધર ટિળક અને બિપીનચંદ્ર પાલના નેતૃત્વમાં એક એવું ક્રાંતિકારી જૂથ બન્યું જેણે વિભાજનનો જોરદાર વિરોધ કર્યો. આ આંદોલનમાં તેમને જનતાનો પણ ભરપૂર સાથ મળ્યો. આંદોલનકારીઓ વિદેશી કપડાં અને તેમણે બનાવેલો સામાન બાળીને પોતાનો વિરોધ વ્યક્ત કરતા હતા. આ ઉપરાંત, ફેક્ટરીઓમાં તાળાબંધી અને હડતાળ દ્વારા પણ તેમણે બ્રિટિશરોના વેપારને નુકસાન પહોંચાડવાનો સફળ પ્રયાસ કર્યો. આ આંદોલનો દરમિયાન બિપીનચંદ્ર પાલ અનેક પ્રતિષ્ઠીત અને ચર્ચિત બંગાળી નેતાઓના સંપર્કમાં આવ્યા. આ જૂથ જહાલ જૂથ (ઉદ્દામવાદી) ગણાતું હતું, જેઓ સ્વતંત્રતા મેળવવા ક્રાંતિકારી પ્રવૃત્તિઓની તરફેણમાં હતા, તેઓ અસહકારની ચળવળ અને અહિંસાના વિરોધમાં હતા. પાલે વિધવા સાથે લગ્ન કર્યા હતા. એ સમયે આવી પ્રથા ચલણમાં ન હોવાથી તેમને સમાજ અને પરિવારના વિરોધનો સામનો કરવો પડ્યો. તેમણે દેશમાં સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ અને વિદેશી વસ્તુઓના બહિષ્કારની નીતિ અપનાવી હતી. તેમણે સ્વદેશી, ગરીબી નાબૂદી અને શિક્ષણ ક્ષેત્રે ઘણું કામ કર્યુ. 1907માં અંગ્રેજોએ બાળ ગંગાધર તિળકની ધરપકડ કરી ત્યારે બિપીનચંદ્ર પાલ ઈંગલેન્ડ જતા રહ્યા અને ત્યાં જઈને ઈન્ડિયા હાઉસ સાથે જોડાયા. તેમણે અનેક અખબારો કાઢ્યાં, જેમાં પરિદર્શક (બંગાળી સાપ્તાહિક 1886), ન્યૂ ઈન્ડિયા (1902, અંગ્રેજી સાપ્તાહિક) અને વંદે માતરમ (1906, બંગાળી દૈનિક) મુખ્ય છે. તેમણે સ્વરાજ નામનું સામયિક પણ શરૂ કર્યું હતું. બંકિમચંદ્ર ચેટરજીનું એપ્રિલ 1894માં અવસાન થયાના 12 વર્ષ બાદ બિપીનચંદ્ર પાલે રાજકીય સામયિક શરૂ કર્યુ અને તેનું નામ વંદે માતરમ રાખ્યું હતું. 20 મે, 1932નાં રોજ બિપીનચંદ્ર પાલનું અવસાન થયું. કેન્દ્ર સરકાર તેમણે ચિંધેલા સ્વદેશી, ગરીબી નાબૂદી અને શિક્ષણનાં માર્ગે સતત ચાલવાનો પ્રયાસ કરી રહી છે.

# વાસુદેવ બળવંત ફડકેઃ ભારતીય ઇતિહાસના પ્રથમ આદિ ક્રાંતિકારી

જન્મઃ 4 નવેમ્બર, 1845 | મૃત્યુઃ 17 ફેબ્રુઆરી, 1883



વાસુદેવ બળવંત ફડકે ભારતના સ્વતંત્રતા સંગ્રામના એવા ક્રાંતિકારી સિપાહી હતા જેમને ભારતીય ઇતિહાસમાં આદિ ક્રાંતિકારી તરીકે યાદ કરવામાં આવે છે. બ્રિટિશકાળમાં ખેડૂતોની દયનીય સ્થિતિ જોઇને તેઓ વિચલિત થઈ ગયા હતા, તેમને દ્રઢ વિશ્વાસ હતો કે 'સ્વરાજ' જ આ રોગની દવા છે. વાસુદેવ બળવંત ફડકેનો જન્મ 4 નવેમ્બર, 1845નાં રોજ મહારાષ્ટ્રના રાયગડ જિલ્લાના શિરઢોણે ગામમાં થયો હતો. 1857ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામમાં મળેલી નિષ્ફળતા બાદ બ્રિટિશ સરકાર વિરુધ્ધ સશસ્ત્ર બળવાનું સંગઠન તૈયાર કરનાર ફડકે ભારતના પ્રથમ ક્રાંતિકારી યોધ્ધા હતા. તેઓ બાળપણથી જ ખૂબ તેજસ્વી અને સાહસિક હતા. તેમને જંગલમાં ફરવું બહુ ગમતું હતું. અભ્યાસ પૂરો કર્યા બાદ તેઓ મુંબઇ આવી ગયા અને પૂણેના મિલિટ્રી એકાઉન્ટસ વિભાગમાં નોકરીમાં જોડાયા. જોકે તેઓ સ્વતંત્રતા સેનાનીઓના સતત સંપર્કમાં રહ્યા. કહેવામાં આવે છે કે જાણીતા રાષ્ટ્રવાદી મહાદેવ ગોવિંદ રાનડેનો તેમના પર ઘણો પ્રભાવ હતો. નોકરી દરમિયાન ફડકેને તેમની માતા બિમાર હોવાની માહિતી મળી પણ અંગ્રેજ અધિકારીઓએ તેમને રજા ન આપી, છતાં તેઓ પોતાના ગામ જતા રહ્યા. ઘેર પહોંચે તે પહેલાં તેમની માતાનું અવસાન થઈ ગયું. આ ઘટનાથી તેઓ અંગ્રેજો સામે રોષે ભરાયા. તેમણે અંગ્રેજો સામે ક્રાંતિની તૈયારી કરી. આદિવાસીઓની સેના ભેગી કરી અને 1879માં અંગ્રેજો વિરુદ્ધ બળવાની જાહેરાત કરી દીધી. 20 જુલાઇ, 1879નાં રોજ ફડકેની ધરપકડ કરીને આંદામાન જેલ મોકલી દેવામાં આવ્યા. 17 ફેબ્રુઆરી, 1883નાં રોજ દેશનો આ વીર સપૂત શહીદ થઈ ગયો.

**અંગ્રેજોએ ફડકેને પકડનારને રૂ. 50,000નું ઈનામ આપવાની જાહેરાત કરી હતી.**

# રણજીતસિંહે શક્તિશાળી સામ્રાજ્યની સ્થાપના કરી હતી

જન્મઃ 13 નવેમ્બર, 1780 મૃત્યુઃ 27 જૂન, 1839



શેર-એ-પંજાબ રણજીત સિંહ ભારતીય ઇતિહાસના એવી મહાન વ્યક્તિ હતા, જેમણે પંજાબને મજબૂત રાજ્ય તરીકે એક રાખ્યું, એટલું જ નહીં, પણ અંગ્રેજોને પોતાના સામ્રાજ્યની નજીક પણ ભટકવા ન દીધા. રણજીત સિંહનો જન્મ 13 નવેમ્બર, 1780નાં રોજ પંજાબના ગુજરાંવાલામાં થયો હતો, જે હાલમાં પાકિસ્તાનમાં છે. બાળપણમાં તેમનું નામ બુધ્ધસિંહ હતું, પણ 10 વર્ષની નાની ઉંમરે પોતાની પ્રથમ લડાઈમાં પિતા સાથે ખભે ખભો મેળવીને લડીને જીત હાંસલ કરવા બદલ પિતાએ તેમનું નામ રણજીત કરી દીધું. બાળપણમાં ઓરી અછબડાંને કારણે તેમની ડાબી આંખની દ્રષ્ટિ ચાલી જતાં ચહેરા પર નિશાન થઈ ગયા. એક આંખની દ્રષ્ટિ ચાલી જતાં તેઓ કહેતા હતા, "ભગવાને મને એક આંખ આપી છે, તેથી તેમાંથી હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, અમીર અને ગરીબ બધાં મને સરખા દેખાય છે." રણજીત સિંહ 12 વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થઈ ગયું. એ પછી તેમને સુકરચકિયા રજવાડું પિતા પાસેથી વારસામાં મળ્યું. માતા રાજ કૌરે તેમને મોટાં કર્યા. 20 વર્ષની ઉંમર સુધીમાં રણજીતસિંહે પંજાબનું સામ્રાજ્ય ઊભું કરી દીધું. 12 એપ્રિલ, 1801નાં રોજ રણજીતસિંહ પંજાબના મહારાજા બન્યા. તેઓ અનેક લડાઈ લડ્યા અને પૂર્વ પંજાબના અનેક વિસ્તારો પર કબ્જો કર્યો અને એક મજબૂત તથા શક્તિશાળી શીખ સામ્રાજ્યની સ્થાપના કરી. અમૃતસરમાં હરમંદિર સાહિબને સોનાથી જડીને તેને સુવર્ણમંદિરમાં પરિવર્તિત કર્યું હતું. તેઓ તેમના દરબારીઓને કહેતા હતા, "હું એક ખેડૂત અને સિપાહી છું, મારે કોઇ દેખાડો કરવાની જરૂર નથી. મારી તલવાર જ મારામાં એ ફરક લાવી દે છે જેની મારે જરૂર છે."

**રણજીતસિંહે અમૃતસરના હરમંદિર સાહિબને સુવર્ણમંદિર બનાવ્યું હતું.**

# કુંવરસિંહ: 80 વર્ષની ઉંમરમાં ક્રાંતિનું વડપણ સંભાળનાર યુવા નાયક

જન્મ: 13 નવેમ્બર, 1777 મૃત્યુ: 26 એપ્રિલ, 1858




બાબુ વીર કુંવરસિંહ 1857માં થયેલા ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામના મહાનાયક અને વીર યોધ્ધા હતા, જેમણે 80 વર્ષની જૈફ વયે અંગ્રેજો સામે લડીને વિજય પ્રાપ્ત કર્યો હતો. અન્યાય વિરોધી અને સ્વતંત્રતાપ્રેમી બાબુ વીર કુંવરસિંહ એવા કુશળ સેનાપતિ હતા જેમણે બ્રિટીશ શાસન સામે અદમ્ય સાહસનો પરિચય આપ્યો અને દેશને એકતા અને અખંડતાના સૂત્રમાં બાંધવાનું પણ કામ કર્યું. 13 નવેમ્બર, 1777નાં રોજ બિહારના ભોજપુર જિલ્લાના જગદીશપુર ગામમાં જન્મેલા કુંવરસિંહે પિતાના અવસાન બાદ પોતાના રજવાડાની જવાબદારી સંભાળી. બાળપણમાં તેમનું મન ઘોડેસવારી, તલવારબાજી અને કુશ્તી લડવામાં લાગતું હતું. તેઓ યુધ્ધકળામાં સંપૂર્ણપણે કુશળ હતા અને ગેરીલા યુધ્ધમાં નિપુણ હતા. એમ માનવામાં આવે છે કે જગદીશપુરના જંગલોમાં 'બસુરિયા બાબા' નામના સિધ્ધ સંત રહેતા હતા, જેમની પાસેથી કુંવરસિંહ દેશભક્તિ અને સ્વતંત્રતાના પાઠ શીખ્યા હતા. એટલાં માટે જ તેઓ વારાણસી, મથુરા, કાનપુર, લખનઉ જેવાં અનેક સ્થળોએ જઈને બ્રિટીશ શાસન વિરુધ્ધ બળવાની યોજનાઓ ઘડતા રહ્યા. તેઓ અત્યંત બહાદુર હતા. તેમના વિષે કિવદંતી છે કે તેમને એક હાથમાં ગોળી વાગી ત્યારે એ જ ઘડીએ એ હાથને કાપીને ગંગામાં પ્રવાહિત કરી દીધો હતો અને કહ્યું, "હે ગંગામૈયા, આપના પુત્રની આ ગરીબ ભેટનો સ્વીકાર કરો." બાબુ વીર કુંવરસિંહ એટલાં લોકપ્રિય હતા કે આજે પણ બિહારની અનેક લોકભાષાઓમાં તેમની પ્રશંસાના ગીત ગાવામાં આવે છે. ક્રાંતિના આ મહાનાયકનું અવસાન 26 એપ્રિલ, 1858નાં રોજ થયું.

**તેમણે જે હાથમાં ગોળી વાગી તે હાથને કાપીને ગંગામાં પ્રવાહિત કરી દીધો હતો**

# આજીવન સંઘર્ષ કરતા રહ્યા ક્રાંતિકારી કવિ કાલોજી નારાયણ રાવ

જન્મ: 9 સપ્ટેમ્બર, 1914 મૃત્યુ: 13 નવેમ્બર, 2002




કાલોજી નારાયણ રાવ એવા સ્વતંત્રતા સેનાની, કવિ અને સામાજિક કાર્યકર્તા હતા જેમને 'કાલોજી' અથવા 'કલના' નામે પણ ઓળખવામાં આવે છે. કાલોજી રાવને લોકો 'પ્રજા કવિ' ( લોકોના કવિ) તરીકે પણ ઓળખે છે. 9 સપ્ટેમ્બર, 1914નાં રોજ કર્ણાટકના રત્તીહલ્લી ગામમાં જન્મેલા રાવ તેલંગણાના વારંગલ જિલ્લાના રહેવાસી હતા. તેમણે નિઝામ વિરુધ્ધ લોક આંદોલનનું વડપણ સંભાળ્યું એટલું જ નહીં પણ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમણે તત્કાલીન હૈદરાબાદ રાજ્યના સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય રીતે ભાગ લીધો હતો અને તે માટે તેમને જેલમાં પણ પૂરવામાં આવ્યા હતા. સાથે સાથે, તેમણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામ માટે યુવાનોને પ્રોત્સાહિત કર્યા. એટલું જ નહીં, જીવનભર શોષિત અને વંચિત લોકો માટે સંઘર્ષરત રહ્યા. એટલાં માટે જ તેમનાં તમામ કાર્યોમાં સમાજ પ્રત્યે તેમની પ્રતિબધ્ધતા ઝળકે છે. તેઓ તેલંગણા વિસ્તારમાં લોક અધિકાર અને સામાજિક આર્થિક મુદ્દાઓ પર અનેક આંદોલનો સાથે જોડાયેલા રહ્યા. ભારતની આઝાદી પછી 1958માં તેઓ બે વર્ષ માટે આંધ્રપ્રદેશ વિધાન પરિષદના સભ્ય પણ રહ્યા. તેમણે આંધ્ર સરસ્વતી પરિષદ, આંધ્રપ્રદેશ સાક્ષરતા અકાદમીઓના સભ્ય અને તેલંગણા રાઈટર્સ એસોસિએશનના અધ્યક્ષ તરીકે પણ કાર્ય કર્યું. તેઓ આર્યસમાજ સાથે જોડાયેલા હતા. તેમણે પ્રસિધ્ધ શાયર ખલીલ જીબ્રાનની ઉર્દૂ કવિતાઓનો અનુવાદ પણ કર્યો હતો રાવને કાકાટીયા યુનિ. તરફથી ડોક્ટરેટની માનદ્ ડીગ્રી આપવામાં આવી હતી. ભારત સરકારે 1992માં તેમને કળાના ક્ષેત્રમાં પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા હતા. 13 નવેમ્બર, 2002નાં રોજ રાવનું અવસાન થયું હતું. ●

**1992માં રાવને પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં હતા**

વ્યક્તિત્વ

આચાર્ય જેબી
કૃપલાણી

# લોકશાહીના આચાર્ય



**ભારતની લોકશાહી પરંપરા આજે સમગ્ર વિશ્વને માર્ગ દર્શાવી રહી છે. દેશની મજબૂત લોકશાહીમાં મોટું યોગદાન એ મહાન વિભૂતિઓનું પણ છે, જેમણે આઝાદીના સમયમાં તેનો પાયો નાખ્યો અને જીવનભર તેનું જતન કર્યું. તેમણે દેશની આઝાદીમાં મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું અને આઝાદી પછી ટોચ પર હોવા છતાં હોદ્દાનો કે સત્તાનો મોહ ન રાખ્યો અને સાચા સેવક તરીકે ભારતીય લોકશાહી પરંપરાને મોખરા પર લાવવા બધું જ ન્યોછાવર કરી દીધું. આચાર્ય જીવટરામ ભગવાનદાસ (જેબી) કૃપલાણી આવી મહાન વિભૂતિઓમાંની એક છે...**

**જન્મ: 11 નવેમ્બર, 1888   મૃત્યુ: 19 માર્ચ, 1982**

આચાર્ય જેબી કૃપલાણીનું નામ આજની પેઢી માટે સામાન્ય જ્ઞાનના એ પ્રશ્ન પૂરતું મર્યાદિત થઈ ગયું છે, જેનાં જવાબમાં આઝાદી સમયે 1947માં કોંગ્રેસના અધ્યક્ષ તરીકે તેમનું નામ લેવામાં આવે છે. પણ આચાર્ય કૃપલાણીનું યોગદાન એનાથી ઘણું વધારે છે. તેમનું જીવન, વર્તન, વ્યવહાર અને વિચારો પ્રેરણાદાયી છે. ખાસ કરીને, દેશ આઝાદીના 75મા વર્ષમાં તેનાં મહાનાયકોનું સ્મરણ કરી રહ્યો છે ત્યારે આચાર્ય કૃપલાણી વધુ પ્રાસંગિક બની જાય છે. હૈદરાબાદ (સિંધ) ના મધ્યમવર્ગીય પરિવારમાં 11 નવેમ્બર, 1888નાં રોજ જન્મેલા જેબીનું પુરું નામ જીવટરામ ભગવાનદાસ કૃપલાણી હતું. સિંધમાં જ શાળાકીય શિક્ષણ બાદ જેબી બોમ્બેની વિલ્સન કોલેજમાં સ્નાતક થયા. કહેવાય છ કે અભ્યાસ દરમિયાન તેમને ઇંગ્લિશ કવિતાઓથી જેટલો  પ્રેમ થયો એટલી જ નફરત અંગ્રેજો તરફ થવા લાગી. એ સમયે, બંગાળના ભાગલાથી તેઓ અંગ્રેજોના વિરોધી થઈ ગયા, તો કોલેજે તેમને કરાચીની ડીજે સિંધ કોલેજમાં મોકલી આપ્યા. પૂણેની ફર્ગ્યુસન કોલેજમાંથી તેમણે એમએ કર્યું. 15 એપ્રિલ, 1917નાં રોજ મહાત્મા ગાંધી ચંપારણમાં સત્યાગ્રહ માટે મુઝફ્ફરપુર રેલવે સ્ટેશને ઉતર્યા ત્યારે અડધી રાત્રે સ્ટેશન પર તેમનું સ્વાગત કરનારા જે બી કૃપલાણી જ હતા. જેબી ત્યારે મુઝફ્ફરપુરની ડિગ્રી કોલેજમાં ઇતિહાસના પ્રોફેસર હતા. બાપુના સંપર્કમાં આવતા ફરી એક વાર અંગ્રેજો સામેનો રોષ બહાર આવ્યો. આ સાથે તેમનાં જીવનમાં નવો અધ્યાય શરૂ થયો. ચંપારણથી શરૂ થયેલો આ સિલસિલો બાપુના અવસાન સુધી ચાલુ રહ્યો. 1919માં થોડો સમય બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પ્રોફેસર રહ્યા, પણ એ પછી 1920થી 1927 સુધી તેઓ ગાંધીજી દ્વારા સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના કુલપતિના આચાર્ય રહ્યા. અહીં તેમનાં નામની સાથે 'આચાર્ય' શબ્દ જોડાયો. ગુજરાત અને મહારાષ્ટ્રમાં અનેક આશ્રમોની જવાબદારી ગાંધીજીએ તેમને સોંપી હતી. 1928માં મોતીલાલ નહેરુ કોંગ્રેસના અધ્યક્ષ બન્યા ત્યારે જેબીને મહામંત્રી બનાવવામાં આવ્યા. 1936માં તેમણે સુચેતા સાથે લગ્ન કર્યા, જે થોડાં વર્ષો પછી ઉત્તરપ્રદેશ તેમજ દેશનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યાં. દાંડી યાત્રાથી માંડીને સવિનય કાનૂન ભંગ, ભારત છોડો આંદોલન અને નોઆખલીના રમખાણો દરમિયાન તેઓ ગાંધીજીની સાથે રહ્યા. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ કોંગ્રેસ અધ્યક્ષ બન્યા. નવેમ્બર 1947માં પંડિત જવાહરલાલ નહેરુ સાથે મતભેદને પગલે તેમણે આ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું. 1950માં તેઓ ફરીથી કોંગ્રેસના અધ્યક્ષપદ માટે ઊભા રહ્યા પણ આ વખતે પુરુષોત્તમદાસ ટંડને તેમને હરાવી દીધા. તેમણે કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામું આપી દીધું અને કિસાન મજદૂર પ્રજા પાર્ટીની સ્થાપના કરી. થોડાં સમય બાદ તેમનો પક્ષ સમાજવાદી પાર્ટીમાં જોડાઈ ગયો અને તેમાંથી પ્રજા સમાજવાદી પાર્ટી નામના નવા પક્ષની રચના કરી. 1952, 1957, 1963 અને 1967 એમ ચાર વાર તેઓ લોકસભામાં ચૂંટાયા. ભારતીય લોકશાહી પરંપરાના ઇતિહાસમાં આચાર્ય કૃપલાણીનું નામ એટલાં માટે પણ લેવામાં આવે છે કે વડાપ્રધાન નહેરુની વિરુધ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવનાર તેઓ પ્રથમ નેતા હતા. આ અગાઉ, કોઇ વિપક્ષી નેતાએ આ અંગે વિચાર્યું પણ નહોતું. ચીન સામેના યુધ્ધમાં ભારતની હાર બાદ તેઓ આ પ્રસ્તાવ લાવ્યા હતા. કહેવાય છે કે કૃપલાણી નહેરુ  બાદ ઇન્દિરા ગાંધીના પણ એટલાં જ વિરોધી હતા જેટલાં જેપી અને રામ મનોહર લોહિયા હતા. ●

> **આચાર્ય કૃપલાણીને રાષ્ટ્રની પ્રગતિમાં અસાધારણ અને અનુકરણીય યોગદાન માટે યાદ કરવામાં આવે છે. તેમણે પોતાની જાતને યુવાનો અને ગરીબ વર્ગને સશક્ત બનાવવા સમર્પિત કરી દીધી હતી.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



**PMO India** @PMOIndia
अब whole of government approach के साथ, सरकार की सामूहिक शक्ति योजनाओं को पूरा करने में लग रही है।

इसी वजह से अब दशकों से अधूरी बहुत सारी परियोजनाएं पूरी हो रही हैं: PM @narendramodi



**Rajnath Singh** @rajnat...
प्रधानमंत्री श्री @narendramodi ने 'न्यू इंडिया' का एक सपना देखा है जिसे मूर्त रूप देने के लिए वे 'मिशन मोड' में काम कर रहें है। प्रधानमंत्रीजी के नेतृत्व में देश में शहरी विकास की गति लगातार आगे बढ़ती जा रही है।

#TransformingUrbanLandscape



**Amit Shah** @AmitShah
तीन तलाक, धारा 370, GST, नोटबंदी ये सब बड़े फैसले सिर्फ @narendramodi जी की दृढ़ इच्छाशक्ति से ही संभव हुए हैं।

क्योंकि सत्ता में बने रहना मोदी जी का लक्ष्य नहीं है, उनका लक्ष्य है 'India First', गरीबों व वंचितों के जीवन में सकारात्मक परिवर्तन लाना, देश को पुनः विश्वगुरु बनाना।



**Nitin Gadkari** @nitin_g...
Taking steps inspired by the 5F (Farm to Fiber to Factory to Fashion to Foreign) vision of PM Shri @narendramodi Ji, the Union Cabinet has approved to set up 7 Mega Integrated Textile Region and Apparel (PM Mitra) Parks in the country with a total outlay of 4445 cr over 5 years.



**Ashwini Vaishnaw** @Ashwini...
Made first call over Indian 4G network of BSNL (Designed and Made in India). PM @narendramodi Ji's vision of Aatmanirbhar Bharat taking shape.



**Jyotiraditya M. Scindia** @JM...
Air India's return to @TataCompanies marks a new dawn for the airline! My best wishes to the new management, and congratulations to @SecyDIPAM & @MoCA_GoI for successfully concluding the difficult task of paving a new runway for the airline to take off!

## इन्फ्रास्ट्रक्चर के लिए मास्टर प्लान

मोदी ने 100 लाख करोड़ की पीएम गति शक्ति नेशनल योजना को किया लांच

प्रगति मैदान के नए कॉम्प्लेक्स का उद्घाटन

70 सालों की तुलना में तेजी से काम कर रहा भारत

वर्क इन प्रोग्रेस का बोर्ड बन गया था अविश्वास का प्रतीक

गतिशक्ति का आगाज : अब गति और शक्ति से समय पर पूरे होंगे सरकारी प्रोजेक्ट

## दो रक्षा गलियारों समेत 1200 औद्योगिक समूह आपस में जुड़ेंगे

'कार्य प्रगति पर' का बोर्ड बन गया था अविश्वास का प्रतीक

संतुलित विकास : असंतुलन होगा दूर

यूपी में नया रक्षा गलियारा

## खाद सब्सिडी और 100 सैनिक स्कूलों को मंजूरी

कैबिनेट फैसले : किसान, शिक्षा, शहरी विकास पर जोर

प्रधानमंत्री ने मानवाधिकार हनन पर कहा

## राजनीतिक चश्मे से देखना लोकतंत्र के लिए खतरनाक

## PM का निर्देश, ₹1200 करोड़ से संवरेगा बापू का साबरमती आश्रम

हथियारों की तस्करी के गठजोड़ के खिलाफ लड़ाई को बढ़ाने की जरूरत पर जोर दिया

## आतंकवाद के लिए अफगान की जमीन का उपयोग न हो : मोदी

जी-20 बैठक

## मोदी और जॉनसन ने टीके पर बात की

## भारत अंतरिक्ष क्षेत्र में अग्रणी बनेगा:मोदी

भरोसा

क्या है आईएसपीए

RNI No. :
DELGUJ/2020/78810
November 1-15, 2021

New India
SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date October 21, 2021, Pages - 48)



# 'સ્વદેશી'ની પહેલ ખાદીએ ગૌરવ અપાવ્યું

આપણો તિરંગો ગર્વ, દેશભક્તિ, ખુમારી રાષ્ટ્રની સામૂહિક ભાવનાનું પ્રતીક છે... 2 ઓક્ટોબરે ગાંધી જયંતીના દિવસે સુતરાઉ ખાદીમાંથી બનેલા વિશ્વના સૌથી મોટા રાષ્ટ્ર ધ્વજને લેહમાં ફરકાવવામાં આવ્યો હતો. ખાદી અને ગ્રામોદ્યોગ પંચ (KVIC)એ મહાત્મા ગાંધીને સર્વોચ્ચ સન્માન આપવા માટે આ રાષ્ટ્રીય ધ્વજ બનાવ્યો છે.

આ રાષ્ટ્ર ધ્વજ 225 ફુટ લાંબો, 150 ફુટ પહોળો છે અને તેનું વજન આશરે 1400 કિલો છે. તેને બનાવવા માટે શ્રમિકોએ લગભગ 3500 કલાક સુધી કામ કર્યું હતું. ધ્વજ બનાવવા માટે હાથથી કાંતેલી અને હાથથી જ વણેલી સુતરાઉ ખાદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ધ્વજ 33,750 સ્કવેર ફુટના ક્ષેત્રફળને આવરી લે છે. ધ્વજમાં અશોક ચક્રનો વ્યાસ 30 ફુટ છે અને ધ્વજ તૈયાર કરવામાં 70 ખાદી કારીગરોને 49 દિવસ લાગ્યા હતા.

"પૂજ્ય બાપુને આ અનોખી શ્રધ્ધાંજલિ છે, જેમનાં ખાદી પ્રત્યેના પ્રેમથી બધાં સુપરિચિત છે. આ તહેવારોની મોસમમાં ખાદી અને હસ્તશિલ્પ ઉત્પાદનોને પોતાના જીવનનો હિસ્સો બનાવવા વિચાર કરો અને ભારતને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને મજબૂત કરો"

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020